GIRISH BAXI

Purnima Baxi
5 Thornton Court
East Brunswick
NJ. 08816

॥ શ્રી કૃષ્ણ : ॥

# પુષ્ટિમાર્ગીય રહસ્ય લીલાઓ

## શ્રી રાધાજીની પ્રેમપરીક્ષા પ્રભુ કરે છે

એક સમયે શ્રીઠાકોરજીની નૌતમ લીલા કરવાની ઈચ્છા થઈ કે, "જરા શ્રીરાધાજીના પ્રેમની પરીક્ષા તો કરૂં" એવો વિચાર કરીને પોતે એક સુંદર સખી બન્યા. સોળે શણગાર અંગે સજી લીધા. સુંદર વસ્ત્ર પહેરી લીધાં. ખરેખર એક અદ્‌ભુત મોહક સ્ત્રીસ્વરૂપ બન્યા. તે વખતની શોભાનો પાર જ ન હતો. આવું અદ્‌ભુત રૂપ લઈને પોતે શ્રીરાધાજીની ગલીમાં ગયા, અને પોતે અજાણી સ્ત્રીની માફક પૂછવા લાગ્યા, "અરે બેન, મને કોઈ શ્રીરાધાજીનું સદન બતાવશો ? હું અજાણી છું. ક્યારની ફરૂં છું. પણ પત્તો લાગતો નથી." સુંદર સ્વર સાંભળીને શ્રીરાધાજી ઘરમાંથી બહાર આવ્યાં અને કહેવા લાગ્યાં, "આવો બેન, આવો" પછી પ્રેમથી ઘરમાં લઈ ગયાં, અને ઉત્તમ આસન પર બેસાડયાં; પીવાને માટે અમૃત જલ તથા પવન માટે સુંદર પંખો પણ આપ્યો. શ્રીરાધાજી એકીટસે આ સ્ત્રીના સામું જોઈ રહ્યાં. મનમાં વિચારવા લાગ્યાં કે આખા વ્રજમાં હું બધે ફરૂં છું, પણ આવી ઉત્તમ સ્ત્રી મેં ક્યાંય જોઈ નથી. કોણ હશે એ ! કેમ આવી હશે ! વગેરે વિચાર કરવા લાગ્યાં. વળી એક ચિંતા પણ થઈ : જો આ રૂપ સુંદરી શ્રીઠાકોરજીની નજરે પડશે તો તે તો રસભોગી છે. ઉત્તમ વસ્તુના ભોક્તા છે. તો તરત જ પોતાની પ્રાણપ્યારી બનાવશે, અને મારાં માન ઉતરશે. આવેલી ચતુર સખી શ્રીરાધાજીના આ મનોભાવને સમજી ગઈ.

શ્રીરાધાજી ધીરજ રાખી. પોતાની ચિંતા ગુપ્ત રાખી ઉપરના હાસ્ય ભાવથી બોલ્યાં, 'બેન તમારૂં નામ શું ? તમે ક્યાં રહો છો ?

---

[illegible]

કિરણ સ્વરૂપે નિર્મળ આકાશ થયું છે. જેવી રીતે આકાશમાં રહેલાં ઘણી જાતના નાના મોટાં તારાઓના મંડળથી શરદઋતુની રાત્રી અતિશય શોભાયમાન થાય છે તેવી જ રીતે શ્રીસ્વામિનીજીના કેશની વેણીમાં ગૂંથેલા ઘણી જાતના ફૂલ તથા હીરા મોતીના હારના આભૂષણથી શરદ ઋતુની રાત્રી અતિશય શોભાયમાન થાય છે. તે સમયે એટલે શરદ ઋતુની અતિશય શોભાયમાન રાત્રીએ શ્રીસ્વામિનીજીના શ્રીમુખથી નાસિકાનો શ્વાસ ચાલે છે તેથી શીતળ અને સુગંધી વાયુથી સુંદર સુવાસ ફેલાય છે આવી રીતે શ્રીસ્વામિનીજીના મુખારવિંદ રૂપી ચન્દ્રમાને જોઈને રાત્રીના કમળ-કુમુદ (પોયણાં) હર્ષથી પ્રફુલ બને છે. શ્રીસ્વામિજીનીના શ્રીકંઠમાં બિરાજમાન થયેલી મોતીની માળા છે તે સમયે અનેક યૂથપતિનો રાસમંડળ વ્રજમાં અતિશય શોભાયમાન થાય છે વળી તે સમયે શ્રીઠાકોરજીને અનુપમ શ્રમ પણ ધરાવે છે તેથી શીતકાળ (શીયાળા)માં મંદિરોમાં શ્રીઠાકોરજીને નાના પ્રકારની સામગ્રી ધરાવે છે.

ઈતિ શ્રીમદ્ આચાર્યવર્ય શ્રીવલ્લભકુલકમલોદ્‌ભવ શ્રીમદ્‌ગોસ્વામી શ્રીગોકુલનાથજી (શ્રીગોકુલેશપ્રભુ) કૃત નિત્ય સેવા શૃંગારની ભાવના સમ્પૂર્ણ.



---

પ્રભુએ વસંત પંચમીથી ડોલ સુધીના ચાલીસ દિવસ સુધી ચાર યુથના ભાવથી કેસર (પીળા રંગ શ્રી સ્વામિનીજીના ભાવથી) ગુલાલ (લાલ રંગ શ્રી ચંદ્રાવલીજીના ભાવથી) અબીર (શ્વેત રંગ શ્રી કુમારિકાઓના ભાવથી, ચોવા (શ્યામ રંગ શ્રી યમુનાજીના ભાવથી) ચંદન, પિચકારી વગેરે વ્રજભક્તો રંગના આવેશમાં તરબોળ બની કેસુડાં પ્રેમના આવેશમાં પ્રભુ [illegible]

ડોલમાં શ્રી ઠાકોરજી [illegible] [illegible] છે. [illegible] વ્રજભક્તોને [illegible] શ્રી ઠાકોરજી સન્મુખ [illegible] છે. [illegible] ઠાકોરજીને [illegible] આનંદ [illegible] છે, [illegible] શ્રી ઠાકોરજી [illegible] છે.

વસંતખેલ લીલાદ્વારા વ્રજભક્તોના મન, પ્રાણ, આત્મા, ઈન્દ્રિય અને દેહનો સ્વરૂપાનંદમાં સ્થાપવામાં આવે છે.

કોનાં બેટી છો ? ક્યાં પરણ્યા છો ?" આવેલી સ્ત્રીએ શાંતિથી જવાબ આપ્યો "મને સહુ શ્યામા કહે છે, કારણ કે મારો રંગ શ્યામ છે. હું વ્રજમાં દૂર રહું છું. પરણી નથી–કુંવારી છું. કારણ કે મારા લાયક કોઈ યોગ્ય પતિ હજુ મળ્યો નથી." શ્રીરાધાજીએ શ્યામાનું મન જોવા પૂછ્યું, "બેન તમે નંદકુંવરનું નામ સાંભળ્યું તો હશે જ તે તમારે લાયક હશે." શ્યામા બોલી, "બેન, ભૂલેચૂકે પણ તેનું નામ મારી આગળ લેશો નહીં. તે તો ચોર અને લંગર છે. આખા વ્રજમાં ધૂમ મચવે છે; તેની સાથે લગ્ન કરવા કરતા તો કુંવારા રહેવું હજાર દરજ્જે ઉત્તમ છે. તે તો જૂઠો, ચોર, પરનારીને રસ્તામાં રોકનાર અને મહા લંગર છે. જશોદા માતા પણ ગોપીજનોની ફરિયાદોથી કંટાળી ગયાં છે. કોઈનાં છોકરાને મારે છે, કોઈનાં વાસણ ફોડે છે, કોઈની ગાગર ઢોળે છે, કોઈનાં દહીં, માખણ ઢોળી દે છે, એમ અનેક રીતે આખા વ્રજને રાડ પડાવે છે. બેન, હું તો તમને પણ એ જ સલાહ આપું છું કે બીજે ગમે ત્યાં લગ્ન કરજો, પણ તેની સાથે તો કરશો જ નહીં. તેમાં સુખી થશો નહીં." શ્યામાની વાત સાંભળીને શ્રીરાધાજીને અતિશય દુઃખ થયું. પોતાના પ્રાણજીવનની નિંદા સામાન્ય સ્ત્રી સાંભળી શકે નહીં, તો શ્રીરાધાજી તે કેવી રીતે સહન કરી શકે ? તુરત જ વચ્ચે બોલી ઉઠયા, "હે શ્યામા ! તમારૂં બોલવું બંધ કરો. એક શબ્દ પણ હું આગળ સાંભળવા માંગતી નથી. તમને ભલે એ નંદકુંવર અવગુણનો ભંડાર લાગતો હોય, પણ મારે તો એ પ્રાણજીવન છે. એના વિના એક ક્ષણ હું રહી શકું તેમ નથી. તે તો સુખનો સાગર છે. રસનું ધામ છે. રસિક શિરોમણિ છે. તમે તુરત ચાલ્યાં જાઓ. ઘેર આવેલ મેમાનને આ શબ્દ કહેતાં મને બહુ દુઃખ થાય છે પરંતુ મારા પ્રાણનાથની નિંદા હું સાંભળી શકતી નથી. માટે લાચાર થઇ તમને કહું છું કે તુરત ચાલ્યાં જાઓ." શ્યામા બોલી, "બેન, તું ગમે તેમ કહે પણ હું જઈશ નહીં. તું તદ્દન ભોળી છે,



માટે હું ફરીથી કહું છું કે તેને તારા ઉપર જરાએ પ્રેમ નથી. તે તો તને ઠગે છે, ઉપરથી ખોટો પ્યાર બતાવે છે. તેને તો અનેક સ્ત્રીઓમાં પ્રેમ છે તેવાને પરણીને શું સુખ પામીએ." રાધા ગુસ્સાથી બોલી, "તેને કોટાન કોટિ સ્ત્રી હોય તો પણ ભલે, મારે તો તે એક જ છે. તે સિવાય સ્વપ્ને પણ હું બીજાને જોતી નથી કે મનમાં પણ લાવતી નથી. તું તરત જ ચાલી જા." છતાં શ્યામા તો ઉઠી જ નહિ. છેવટે શ્રીરાધાજી પોતે ઉઠીને બીજા ઓરડામાં ચાલ્યાં ગયાં અને શ્યામા આવે નહિ માટે અંદરથી બારણું બંધ કરી દીધું, અને પોતાના પ્રાણનાથની નિંદા સાંભળવાથી અતિશય દુઃખ થયું હતું તેથી રડવા લાગ્યાં. શ્યામાએ એક જાળીમાંથી જોયું તો શ્રીરાધાજી રડી રહ્યાં છે. રડતાં રડતાં તે કંઇ ગાય છે (વિલાપ કરે છે) શરીરનું ચેતન પણ બરાબર નથી શ્યામા બોલી, "મારી રાધા ! મારી રાધા ! મારા સામું એકવાર તો જો. હું જાઉં છું" રાધાએ જાળી સામી નજર કરી તો સાક્ષાત શ્રીઠાકોરજી તેના આનંદનો પાર રહ્યો નહિ. એકદમ બારણું ઉઘાડી શ્રીઠાકોરજીને ગળે વળગી પડી "અરે મારા વહાલા ! આવી લીલા કોઈપણ વખત કરશો નહિ. મારો તો જીવ જતો રહેશે." શ્રીઠાકોરજી બોલ્યા, "પ્યારી તું રસની ખાણ છે તારો પ્રેમ અગાધ છે. ધન્ય છે તને." ત્યારબાદ રસદાન આપી પોતે અંતરધ્યાન થયા. તે વખતની રાધાની ધૂન :—

### શ્રીરાધાજી રડતાં રડતાં વિલાપ કરે છે (શ્યામ ધૂન)

મેરે મનમેં હૈ શ્યામ, મેરે તનમેં હૈં શ્યામ,
મેરે નેનનમેં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ ૧

મેરે મસ્તકપેં શ્યામ, મેરે ભંમરમેં શ્યામ,
મેરી ડોકીમેં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૨

મેરી સાડીમેં શ્યામ, મેરી નાડીમેં શ્યામ,
મેરી કંચુકીમે શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૩

મેરી રસનામેં શ્યામ, મેરે કાનોંમેં શ્યામ,
મેરે કંઠમેં હૈં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૪

મેરે ચિત્તમે હૈં શ્યામ, મેરે દિલમેં હૈ શ્યામ,
મેરે હૃદયમેં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૫

મેરે ખાતેં હૈં શ્યામ મેરે પીતેં હૈ શ્યામ,
મેરે સુતેં હૈં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૬

મેરે હરતેં હૈં શ્યામ, મેરે ફિરતેં હૈં શ્યામ,
મેરી નીંદમેં હૈં શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી શ્યામ, શ્યામ, શ્યામ. ૭

મેરે અંગમેં હૈં શ્યામ, મેરી કટીમેં શ્યામ,
મેરે રોમ રોમ શ્યામ, શ્યામ, શ્યામ;
હો સખી સ્યામ, શ્યામ, શ્યામ. ૮

શ્યામ, શ્યામ, શ્યામ, શ્યામ, શ્યામ, શ્યામ,
દેખ સખી મેં હો ગઈ શ્યામ;
હો સખી, શ્યામ, શ્યામ, શ્યામ. ૯

—o—



## (૨) શ્રીરાધાજીની લીલા પરીક્ષા.

એક સમયે શ્રીરાધાજી અદ્ભુત ગોપકુમાર બન્યાં. માથે લાલ કસુંબી પાઘ વાંકી ઝૂકી રહી છે, સુંદર ચિત્રવિચિત્ર સુથન પહેરી છે, પગમાં મોજડી બાગી રહી છે, હાથમાં સુંદર લકુટી રહી ગઈ છે, કટીમાં બંસી ખોસી છે, મુખ પર શિંગડી મધુર બાજી રહી છે : આવા અદ્ભુત વેષે વનમાં ચારે તરફ જોતાં જોતાં ચાલ્યાં જાય છે. શ્રીઠાકોરજી એક કદંબના વૃક્ષ નીચે બેઠા છે, ત્યાં આ ગોપકુમારની નજર ગઇ. બંનેની નજર એક થતાં બંનેને પ્રેમ ઉપજ્યો, અને શ્રીઠાકોરજીએ પ્રેમથી બોલાવવાથી આ ગોપકુમાર પણ તેમની પાસે આવી બેઠો. બંને પ્રેમમય વાતો કરવા લાગ્યા. શ્રીઠાકોરજીની નજર આ ગોપબાલક પર ઠરી ગઇ. મનમાં કહેવા લાગ્યા, "આવો સુંદર બાલક આજસુધી મેં વ્રજમાં દેખ્યો નથી. તેના અંગેઅંગમાં સુંદરતા છે. મારા કરતાં પણ અધિક સુંદર લાગે છે." શ્રીઠાકોરજીએ પૂછ્યું. "તમે કયાંથી આવો છો ? અને કયાં જવા ધાર્યું છે ?" ગોપે જવાબ આપ્યો, "હું બરસાનેથી આવું છું, વનલીલા જોવા નીકળ્યો છું, બહુ દિવસથી તમને મલવાની ઇચ્છા હતી, આજે તે અચાનક પૂરી થઇ." શ્રીઠાકોરજી બોલ્યા, "હું બરસાને તો ઘણી વખત આવું છું, પણ તમને જોયા નથી." ગોપ બોલ્યો, 'હું બીજે કોઇ ઠેકાણે જતો નથી. આજે વનલીલા જોવા નિમિત્તે આવી ગયો છું." પ્રભુ બોલ્યા, 'વૃષભાનલલીને તો તમે ઓળખતા હશો જ." ગોપ બોલ્યો 'હા, હા, તેને તો આખું વ્રજ ઓળખે છે. તે બહુ જ ચબાવલી છે, કોઈને પતી કરતી નથી, આખો દિવસ રખડયા કરે છે, તેનાં માતપિતાને પણ ગણતી નથી. એક સારી સ્ત્રીને શોભે તેવો એકે ગુણ તેમાં નથી, રૂપની રૂડી છે—પણ દિલની તો કુડી છે. તેના ચિત્તનું યે ઠેકાણું નથી, તેને કોઇ સુશીલ ગોપ તો લેશે નહિ." શ્રીઠાકોરજી આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા, આશ્ચર્યથી તે ગોપ સામું જોયું અને કંઈક ગુસ્સાથી બોલ્યા, "તમારૂં બોલવું બંધ

કરો, મારે તમારો એકપણ શબ્દ સાંભળવો નથી. એ શ્રી રાધા તો ગુણનો સાગર છે. આખા વિશ્વમાં તેના જેવી સુંદરી નથી. તે મારી પ્રાણપ્યારી, પ્રાણ–આધાર છે. તમે ગમે તે કારણથી દ્વેષભાવથી તેની નિંદા કરો તે મારાથી સહન થતું નથી. "મેરે મનમેં હૈં રાધે, મેરે તનમેં હૈં રાધે; રાધે, રાધે, રાધે, નિશદિન રટયા કરૂં છું." ગોપ બોલ્યા, "...પણ તે તમને બિલકુલ ચાહતી નથી. ઉલટું માખન–ચોર કહી આખા વ્રજમાં તમારી ફજેતી કરનાર તે જ છે. તમે તેને મેળવીને સુખી થશો નહિ, પણ બહુ જ દુઃખી થશો. રોજ માન કરશે, ને રોજ મનાવવું પડશે. તે તો ખાસ ખોટા લાડમાં ઉછરી છે અને બહુ ચબાવલી તથા ગર્વિષ્ટ થઇ ગઈ છે." પ્રભુ એકદમ ક્રોધથી બોલી ઉઠયા, "તું એકદમ ચાલ્યો જા, એકે શબ્દ બોલીશ નહિ, મારી રાધા મારો પ્રાણ છે, આ ભવમાં તે મને નહિ મલે તો તપ કરીને બીજે ભવે પણ એને જ મેળવીશ. 'મારી રાધા, મારી પ્રાણ આધાર, મારી જીવનમયી,' કરતા કરતા પ્રભુ ગાંડાની માફક બોલતા બોલતા ઉભા થઇ ગયા. અને રાધા રાધા, રટતાં રટતાં બેશુદ્ધ થઈ ગયા. તુરત જ રાધાએ પકડીને ખોળામાં લઈ લીધા–પોતાના સાળુના છેડાથી પસીનો લૂછી નાખ્યો. ને પવન નાખવા લાગી. શુદ્ધિ આવતાં પ્રભુ જુએ છે તો પોતે ખરે જ શ્રી રાધાના ખોળામાં પોઢેલા છે. આનંદ પાર રહ્યો નહીં. પ્રભુ બોલ્યા, "હે પ્યારી કોઈપણ વખતે આવી લીલા કરશો નહિ."

## (૩) જોષી લીલા

એક સમયે ઠાકોરજી જોષીનો વેશ લઈને બારસાને ચાલ્યા. માથે જોષીના જેવી પાઘડી, મોટો અંગરખો, ને રેશમી કોરની ધોતી પહેરી છે, ખભે સુંદર ખેસ પણ નાખ્યો છે, કપાળમાં ભસ્મ લગાવી ટીલું કરી દીધું છે. પગમાં દક્ષિણી મોજડી પહેરી છે, પાઘડીમાં ટીપણું ખોસ્યું છે. બગલમાં પોથી છે આવા વેષે રાતના નવદશના



સુમારે પ્રભુ શ્રી રાધાજીની ગલીમાં આવી પહોંચ્યા. "ભૂત, ભવિષ્ય, વર્તમાન જાણનાર જોશી કાશીથી આવે છે. જેને જોષ જોવડાવવા હોય તે અમારી પાસે આવો. અમારૂં વચન કદીએ અસત્ય પડતું નથી. ઘેર બેઠા ગંગા આવી છે, જેને લાભ લેવો હોય તે લઈ લો, આજની રાત જ આ ગામમાં છીએ, સવારે ચાલ્યા જઈશું." વગેરે સુંદર વચનોથી લોકોના મનને આકર્ષણ કરવા લાગ્યા શ્રી રાધાજીને કાને આ શબ્દો પડતાં જ લલિતા સખીને આજ્ઞા કરી, 'હે સખી એ જોષીને અહીં બોલાવી લાવ. શ્રીઠાકોરજી હજુ કેમ ના પધાર્યા–આપણે એને પૂછી જોઈએ." લલિતાજી જોષીને તેડી લાવી. જોષી મહારાજ આસન પર બેઠા. લલિતાજી પૂછવા લાગી, "મહારાજ, તમે શું જાણો છો ?" મહારાજ બોલ્યા, "દરેકના મનની ગુપ્તમાં ગુપ્ત વાત અમે જાણીએ છીએ, અમે કાશીમાં બાર વરસ ભણીને આવ્યા છીએ, અમારૂં ભવિષ્ય કોઈ પણ કાલે ખોટું પડતું નથી. પૂછવું હોય તે પૂછો." લલિતાજીએ પૂછયું, 'મહારાજ, અમારી આ શ્રી રાધા સખીના દિલમાં અત્યારે શા વિચાર ચાલે છે ? પહેલાં શા ચાલતા હતા અને ભવિષ્યમાં શા ચાલશે ? તે કહો." મહારાજ બોલ્યા, "જોષનો એવો નિયમ છે કે–જેને જાણવું હોય તે જ પૂછે તો બરોબર સચોટ જવાબ આવે. બીજું પૂછે તો બરાબર જવાબ ના આવે, કદાચ ખોટું પણ પડે; માટે તમારી સખીએ પૂછવું જોઈએ." શ્રી રાધાજી બોલ્યાં, "મહારાજ, મારા દિલમાં અત્યારે શા વિચાર છે તે કહો." મહારાજ, માથામાંથી ટીપણું કાઢી, આંગળીના વેઢા ગણી બોલ્યા–' આ સમયે તમારૂં ધ્યાન નંદકુમારમાં લાગ્યું છે, અને તે કયારે મલશે તે વિચારમાં લીન થઈ ગયાં છો. કહો એ સાચું છે કે ખોટું ?" શ્રી રાધાજી જરા હસી પડયાં. મહારાજ બોલ્યા, 'કેમ લલિતાજી, અમારા જોષ કેવા છે ?'

રાધાજી બોલ્યાં, મહારાજ, તે નંદકુમાર મને કયારે મળશે ? તેની પ્રીતિ મારા તરફ કેવી છે ? મહારાજ બોલ્યા, 'તે તમને

થોડીવારમાં જ મલશે, તેમને તમે ચાહો છો તે કરતાં તે બમણા પ્રેમથી તમને ચાહે છે. તે તમને મલવા માટે તલપાપડ થઈ રહેલ છે, બોલો હવે શું પૂછવું છે ?' શ્રી રાધાજીને જોષી ઉપર બહુ જ શ્રદ્ધા ચોંટી અને કહ્યું, "મહારાજ, મને તે જલદી મળે તેમ કરો હું આપને અમૂલ્ય હાર આપીશ. ને તમારો ઉપકાર માનીશ." જોષી બોલ્યા, "અમે કંઈ પૈસા માટે જોષ જોતા નથી. અમારે શ્રેર પ્રભુનું આપેલું ખાવાનું છે. આ તો જોષીની વિદ્યા કેટલી સાચી છે તે રંગેચંગે બતાવવું છે, જેથી લોકો મૂરખપણાથી જોષીના ધંધાની નિંદા કરે છે. તે કરતાં બંધ થાય. છતાં તમે પ્રેમથી જે આપશો તે લઈશું. તેથી અમે રાજી થઈશું. વળી તમે કહો તો વિદ્યાને બળે હમણાં તુરત તમને નંદનંદન મેળવી આપું, ચાલો પેલા ઓરડામાં લલિતાજીને ત્યાં રાખી જોષી મહારાજ બીજા ઓરડામાં રાધાજી સાથે ગયા, ત્યાં જઈ પોતાનું સ્વરૂપ પ્રગટ કરતાં જ રાધાજીના આનંદનો પાર રહ્યો નહિ. પ્રભુ ત્યાં રાત રહી. રાસલીલા કરી પ્રભાતે પાછા આવ્યા, આ લીલાનો અનુભવ લલિતાજીને પણ થયો.

---

## (૪) મણિયાર લીલા

એક સમયે શ્રીઠાકોરજી મણિયારનો વેશ લઈ બરસાના પધાર્યા, ને શ્રીરાધાજીની પોરીમાં ફરતા ફરતા આવ્યા. મધુર સ્વરે, "કોઈ ચૂડી, બંગડી લ્યો." તેમ બોલવા લાગ્યા, શ્રી લલિતાજીએ શ્રીરાધાજીની માતાજી કીરતિજીને વિનંતિ કરી કે, શ્રી રાધાજીની ચૂડી જૂની થઈ ગઈ છે તો નવી ચૂડી લઇ પહેરાવો. કીરતિજીએ આજ્ઞા કરી કે લલિતા ! ચૂડીવાળાને બોલાવ લલિતા ચૂડીવાળાને બોલાવી લાવી. ચૂડીવાળાએ ચૂડીઓ કાઢીને કીરતિજીના હાથમાં આપવા માંડી, જાણી બુઝીને બહુ જ નાની યા તો મોટી ચૂડીઓ આપવા લાગ્યા. એક ચૂડી બંધબેસતી આવે નહિ. ઘણી ચૂડીઓ બદલી, પણ બંધ બેસતી આવે જ નહિ, જાણી બુઝીને જ એવી ચૂડી આપે, પછી બંધબેસતી



ક્યાંથી આવે ? શ્રી રાધાજી અકળાયાં ને બોલ્યાં, "માતાજી ! મારો તો હાથ દુઃખે છે, મારે ચૂડી નથી પહેરવી" ચૂડીવાળો બોલ્યો, "માતાજી તમને ચૂડી પહેરાવતાં આવડતી નથી, એટલે તેમ થાય છે. જો કહો તો હું પહેરાવી દઉં, લગારે ઇજા નહિ થાય, હમારો તો તે ધંધો છે." કીરતિજીએ કહ્યું, "ભલે, ભાઈ ! પહેરાવી દે પણ જો જો લગારે ઇજા થાય નહિ, મારી લાલી બહુ જ કોમળ છે." ચૂડીવાળો કહે, "હા, એ તો હું સમજું છું, લગારે ઇજા થશે નહિ." કીરતિજી કહે બહુ સારૂં, લલિતા ! બારણાની અંદર બેસી કમાડ બંધ કરીએ, કોઇ આવતું જતું દેખે નહિ, તું પાસે બેસજે, હું ઘરમાં કામ છે તે જાઉં છું. જોજે બેનની પાસે રહેજે, તેને ઇજા થાય નહિ. એટલું કહી કીરતિજી તો ઘરમાં કામે વળગ્યાં કમાડ બંધ કરી શ્રી રાધાજી. લલિતાજી તથા ચૂડીવાળો બેઠાં. મણિયાર ચૂડી લઈ શ્રી રાધાજીના હસ્તે ચઢાવવા લાગ્યો. પ્રભુનો કોમળ હસ્ત શ્રી રાધાજીના હસ્તને લાગતાં શ્રી રાધાજી સમજી ગયાં કે ચૂડીવાળો બીજો કોઈ નથી પણ સાક્ષાત શ્રીઠાકોરજી છે. તરત લલિતાજીને બારણાની બહાર બેસી દેખરેખ રાખવા શ્રી રાધાજીએ આજ્ઞા કરી. લલિતાજી કમાડ ઉઘાડી બહાર આવી, અને કમાડ બંધ કરી, બહાર બેસી ગઈ. પ્રભુજીએ પોતાનાં દર્શન આપ્યાં, અને આનંદદાન રસદાન દીધું. થોડીવાર પછી શ્રીઠાકોરજી ચાલ્યા ગયા. શ્રી રાધાજી તથા લલિતાજી આનંદમાં દોડતાં આવી બોલી ઉઠયાં, જુઓ, માતા કેવી સરસ ચૂડી પહેરાવી છે. માતા પણ ચૂડી જોઈને ખુશ થયાં ચૂડી બરાબર બંધ બેસતી, સારી સુંદર રંગીન હતી.

---

## (૫) કાંસકી લીલા

એક સમયે પ્રભુ કાંસકી વેચનાર સ્ત્રીનું રૂપ લઈ બરસાના પધાર્યા. આબેહૂબ કાંસકી વેચનાર બની ટોપલીમાં જૂદી જૂદી

કાંસકીઓ લઈ બરસાનાની ગલીઓમાં ફરે છે. "કોઈ કાંસકી લ્યો કાંસકી લ્યો" તેમ લાંબા સાદે બોલે છે. લલિતાજીએ આવી શ્રીરાધાજીને કહ્યું. અરે પ્યારી, કાંસકીઓ બહુ સુંદર છે આપણી પાસે તેવી એકે કાંસકી નથી, માટે લઈએ તો ઠીક શ્રીરાધાજીએ આજ્ઞા કરી, બોલાવી લાવ એને. લલિતાજી કાંસકીવાળીને બોલાવી લાવી. શ્રીરાધાજી કાંસકીઓ જોવા લાગ્યાં. કાંસકીવાળી બાઈ અંદરથી એક ઝીણી કાંસકી કાઢી બોલી, આ કાંસકી તમારે લાયક છે, તેના દાંતા એટલા ઝીણા છે કે વાળે વાળે મોતી પરોવી શકાય. તમે મારી પાસે બેસો હું તમારા વાળ હોળી આપું. પ્રભુ શ્રીસ્વામિનીજીના વાળ હોળવા લાગ્યા. વાળ હોળતાં શ્રીકરનો સ્પર્શ થતાં તુરત જ શ્રીરાધાજી સમજી ગયાં કે, આ કાંસકીવાળી બાઈ બીજું કોઇ નહીં પણ ઠાકોરજી જ છે, તેથી લલિતાજીને કહ્યું કે, આ કમાડ બંધ કરી, તું બહાર બેસ, કાંસકીવાળી બાઈ તુરત જ શ્રીઠાકોરજી રૂપમાં પ્રગટ થઈ અને બંનેએ આનંદ કર્યો.

---

## (૬) છૂંદણાં છૂંદવાની લીલા

એક સમયે શ્રીઠાકોરજી છૂંદણા છૂંદનાર બાઈનું રૂપ લઈને બરસાને આવ્યા. "કોઇ અમૂલખ છૂંદણાં છૂંદાવોરે, છૂંદણાં, 'એમ લાંબા સાદે બોલતા બોલતા વૃષભાનજીની પોરીમાં આવી પહોંચ્યા શ્રીરાધાજીએ સાદ સાંભળ્યો અને લલિતાજીને આજ્ઞા કરી કે, છૂંદણાંવાળીને બોલાવી લાવ. લલિતાજી જઈને તેને તેડી લાવી. શ્રીરાધાજીની સામે છૂંદણાંવાળી બેસી ગઇ. શ્રીરાધાજી પૂછવા લાગ્યાં, "તેને સરસ છૂંદણાં છૂંદતાં આવડે છે ? શરીરના કોઇ પણ ભાગમાં તું છૂંદણા છૂંદી શકે છે ? મારું શરીર બહુ કોમળ છે માટે ઈજા ન થાય તેમ છૂંદણાં છૂંદી શકીશ ?" બાઇ બોલી, 'હા, હા, તેમાં શું મોટું કાર્ય છે ? લગારે ઈજા નહીં થાય, અને તમે કહેશો તે ભાગમાં



સરસ છૂંદણાં છૂંદી આપીશ. છૂંદણાંમાં નામ પણ લખી આપીશ. શરીર ઉપર તો છૂંદણાં છૂંદી શકું છું. પણ અંદરના ભાગમાં પણ કહેશો તો છૂંદી આપીશ બોલો તમારે જ્યાં છૂંદવા હોય ત્યાં બતાવો. લગારે ઈજા થશે નહિ, ખુશીથી કહો, તમને ખબર નહીં પડે તેવી રીતે કામ કરીશ, વધારે શું કહું !"

રાધાજી બોલ્યાં :—

નમન કરૂં કર જોડીને, વિનંતિ કરી લાગું પાય,
કૃપા કરી બેની લખ દિયો, મસ્તકે માધવરાય. ૧
નેનનમેં નંદલાલ લિખો, નાકે નટવરલાલ,
ગલેમેં ગોવિંદ લિખો, ગાલે લિખો ગોપાલ. ૨
છેલ છબીલો છાતીયે, મનમાં મોહનરાય,
મુખ પર મુરલીધર લિખો, અધર સુધારસ પાય. ૩
તનમેં ત્રિકમજી લિખો, કંઠમેં કેશવરાય,
નાભિમેં નારાયણ લિખો, લળી લળી લાગું પાય. ૪
જંઘામેં જગજીવન લિખો, રુદિયામાં ગોપીનાથ,
રોમ રોમ લિખ દિયો, પ્યારો શ્રીનાથ. ૫
રસનામેં રસિકવર, ચિત્તમેં લિખો ચિત્તચોર,
કાળજડે કાનુડો વસો, શ્રવણે નંદકિશોર ૬
મદન ગોપાલ મેરે અંગમેં સદા કરો વિહાર,
રસિક નામ લિખી દિયો, આપુ એકાવન હાર. ૭

શ્રીરાધાજી હસ્તમાં આરસી રાખી બોલતાં ગયાં તેમ નામ લખાતાં ગયાં. ચતુર લલિતા તથા ચતુર શિરોમણિ શ્રીરાધાજી સમજી ગયાં કે આ તો નંદલાલ પોતે જ છૂંદણાવાળીનું સ્વરૂપ લઈ પધાર્યા છે, પોતાના ભક્તોને માટે આવી અનેક લીલા ઠાકોરજી કરે છે, આ વખતે પણ આનંદનું દાન કરી પ્રભુ પધારી ગયા.

## (૭) ચંદ્રાવલીજી સાથે લીલા

એક સમયે ચંદ્રાવલીજીનો પતિ ગોરધન સૌના સાંભળતાં બોલ્યો કે, એ નંદલાલ ગમે તેના ઘરમાં પેસી જાય છે. ગમે તેનાં દહીં માખણ લૂંટી ખાય છે, ગમે તેમ લંગરાઈ કરે છે, વાટે ઘાટે રોકે છે, પણ મારે ત્યાં તે આવી શકતો નથી મારે ત્યાં તે આવે તો ખબર પાડી દઉં. મારી સ્ત્રીની મશ્કરી કરે તો જોઇ લઉં. એ તો બિચારી બકરીઓને સતાવે છે, મારા જેવા વાઘની જોડે કામ પાડી જુએ ત્યારે ખબર પડે. એક સખો દોડતો દોડતો જઈને, આ સર્વે સમાચાર નંદલાલને કહી ગયો. સખાની વાત સાંભળી નંદલાલ હસ્યા ને આજ્ઞા કરી કે તે ગોરધનને જઈને કહી આવ, કે આજે જ તારે ઘેર નંદલાલ પધારશે. તારે જેટલો ચોકી પહેરો રાખવો હોય તેટલો રાખજે, કંઈ કચાશ રાખીશ નહિ. સખો જઈને સર્વ સમાચાર ગોરધનને કહી આવ્યો. ગોરધન મથુરામાં કંસને ત્યાં ચાકરી કરતો હતો, તેથી તેને કંસના સંગની અસર થઈ હતી. પોતે ઘેર જઈ પોતાની માતાને સર્વ હકીકત કહી અને સર્વ રીતે સાવધ રહેવા કહ્યું, પોતે નાના મોટા ઢેખાળા વીણીને બારણા આગળ ઢગલો કર્યો. અને લાકડી વગેરે સાધનો પણ રાખ્યાં. આજે નંદલાલ આવે તો બરાબર સીધો કરવા તૈયારી કરી. ચંદ્રાવલીને ચિંતા થઈ કે મારો પતિ આસુરી જીવ છે. અને તે નંદલાલને મારી બેસશે ! તેથી તેણે પોતાની અંગત સખી મારફતે કહેવડાવ્યું કે; આજે તમે આવશો નહિ. મારા પતિએ સર્વ તૈયારી કરી રાખી છે. જીવનું જોખમ છે. માટે આવશો નહિ. સખી ગઈ તો ખરી, પણ નંદલાલ કોઇ પણ ઠેકાણે મલ્યા નહિ. નિરાશ થઈ પાછી આવી. ચંદ્રાવલીજી મનમાં બહુ દુઃખી થઈ, પણ શું કરે ! પ્રભુ ઇચ્છાએ મથુરાથી કંસનો પત્ર લઇ મુદ્દામ માણસ આવ્યો, ને ગોરધનને પત્ર આપી બોલ્યો કે, જરૂરતું કામ હોવાથી તમને તુરત જ હમણાંને હમણાં બોલાવે છે. ગોરધન વિચારમાં પડી ગયો, પણ લાચાર રાજાનો હુકમનો ભંગ



થાય નહિ, કેમકે ભંગ કરે તો આવી જ બન્યું. તેથી પોતાની માતાને બહુ બહુ ભલામણ કરી કહ્યું કે, હું મથુરા જાઉં છું નંદલાલ રાત્રે આવશે કમાડ ઉઘાડશો નહિ. તે કહેશે કે હું ગોરધન છું, પણ બિલકુલ માનશો નહિ. હું તો મથુરા જાઉં છું, સવારે આવીશ. જો આ ઢેખાળા છે તે મેડીની બારીએથી નાખી તેનું માથું ફોડી નાખજો. ઢેખાળાનો ઢગલો તેણે મેડે બારી આગળ કર્યો. આ પ્રમાણે ભલામણ કરી ગોરધન મથુરા ગયો. પ્રભુની લીલા અકળ છે; ગોરધન માતાને, ને સ્ત્રીને શિખામણ દેતો હતો તે વખતે જ લાગ જોઈ પાછલા બારણેથી નંદલાલ ઘરમાં પેસી ગયા, અને ઘરમાં અંધારામાં કોઠીઓ વચ્ચે છૂપાઈ ગયા. રાતે બધા કમાડ બરાબર વાસી ડોસી મેડાની બારી પાસે સૂઇ ગયાં. અને ચંદ્રાવલીજી બીજા ખંડમાં પોતાને સ્થાને સૂઇ ગઈ. ડોશીમાં જંપ્યા ઉંઘ્યાં; શ્રીઠાકોરજી હળવે હળવે ચંદ્રાવલીજીની પાસે ગયા. ચંદ્રાવલીજી આશ્ચર્ય પામી. પ્રભુએ સાન કરી ચુપ કરી. હવે મથુરામાં કંસનું કામ પૂરૂં કરી ગોરધન ઘેર આવવા નીકળ્યો. કારણ તે નંદલાલને ઓળખતો હતો, તેને લાગ્યું કે તે જરૂર આવશે, અને નકામો ઝગડો કરશે. ડોશીને મારી બેસશે મારી સ્ત્રીને પણ સતાવશે. એમ સમજી ઘેર આવવા નીકળ્યો. ઘેર આવ્યો ત્યારે રાતના બાર વાગ્યા હતા. ઘેર આવી કમાડ ઉઘાડવા માતાને બૂમ પાડી, પણ માતા બોલે જ નહિ ગોરધને ઘણી બૂમો પાડી. ડોશીમા અકળાયાં. મારો ગોરધન તો મથુરા છે, તું નંદલાલ આવ્યો છે ઉભો રહે લેતો જા એમ કહી મેડીની બારીએથી ઢેખાળા દેવા જ માંડયા. ગોરધનનું માથું ફૂટી ગયું, શરીર પણ ભાંગી ગયું. ને બેહોશ થઇને પડયો હવે બોલતું નથી, ડોશીમાં સમજ્યાં કે નંદલાલ નાશી ગયો. નારાંતે સૂતાં. પ્રભુ પરોઢિયે ઉઠીને ચાલતા થયા. તેમના જવાની ડોશીમાને ખબર પડી નહિ. વખત થયે ડોશીમાં ઉઠયાં, કમાડ ઉઘાડયાં તો પોતનો દીકરો ગોરધન લોહીલુહાણ અચેતન પડયો છે. ડોશી રોવા લાગ્યાં.

ચંદ્રાવલી આવી રડવા લાગી, અને ડોશીને ઠપકો દેવા લાગી. ડોશીમા કહે મને તો ગોરધને કહ્યું હતું કે, હું સવારં આવીશ. રાતે મારૂં નામ લઈને નંદલાલ આવશે, તું સુખેથી મારજે, હવે ગોરધનને જોવા ગામનાં લોકો ભેળાં થઈ ગયાં છે, જે આવે તે ડોશીને ઠપકો આપે છે એટલામાં અચાનક નંદલાલ આવ્યા, ગોરધન સામી દૃષ્ટિ કરી બોલ્યા, "જે ખાડો ખોદે તે પડે, પૂતના વગેરે રાક્ષસો મને મારવા આવતા તે જ મુવા. તેં મને મારવાનો વિચાર કર્યો, તેનું ફળ તે ભોગવ્યું, પરંતુ હવે તું તારા દિલમાંથી દ્વેષ કાઢી નાખી મારી સામી દૃષ્ટિ કર. પ્રભુ તારૂં ભલું કરશે. તે તો દયાળુ છે," તેટલું બોલી ગોરધનના આખા શરીરે મસ્તકથી પગના નખ સુધી પોતાની અમી દૃષ્ટિ કરી, ને હસ્તકમલ ફેરવ્યો. બસ પ્રભુની દૃષ્ટિ તેમ જ હાથ ફરે ત્યાં શું બાકી રહે ! તરત જ ગોરધન ઉભો થયો અને પ્રભુના ચરણમાં પડી, માફી માગવા લાગ્યો. પ્રભુએ કહ્યું, "ગોરધન હવે તું મથુરા જઈ રહે, ગોકુલ આવીશ નહી." ગોરધન કહે, "મહારાજ, હું એમ ઇચ્છતો હતો, જીવ તો સ્વભાવે દુષ્ટ છે, જો અહીં રહું તો કોઈક વખત દ્વેષભાવ આવી જાય, ને મારો બિગાડ થાય, માટે હું અત્યારે જ મથુરા જાઉં છું. જતી વેળા તેણે પોતાની માતાને તથા ચંદ્રાવલીજીને કહ્યું કે આ તો સાક્ષાત શ્રીઠાકોરજી છે, તેમના વિના વગર દવાએ મને સાજો કોણ કરે ! માટે તેમને પ્રીતિથી સેવજો. ગોરધન તુરત પોતાને જોઈતો સામાન લઈ, મથુરા જઇ રહ્યો." હવે ચંદ્રાવલીને પણ પૂર્ણ છૂટ મલી, પતિ તરફની બીક મટી અને પ્રભુ સાથે આનંદથી લીલા કરવા લાગી.

— —

## (૮) ચંદ્રાવલી સાથે લીલા બીજી.

એક વખતે ચંદ્રાવલીજી પોતાની સાસુને કહી, દહીં વેચવા



ચાલી. સાસુને ગોરધને ચોકખું કહ્યું હતું. કે તું નંદલાલની સેવા કરજે. પરંતુ સાસુ દૈવી જીવ ન હોવાથી તેને તે વાત રૂચી નહિ. ચંદ્રાવલીજી તેની સાથે હરે ફરે તે તેને ગમતું ન હતું. વારંવાર ચંદ્રાવલીજીની સાથે તે ઝઘડો કરતી. એકવાર ચંદ્રાવલીજી ઘેરથી નીકળી તેની પાછળ પાછળ ચૂપકીદીથી ચંદ્રાવલીજી જાણે નહી તેમ ડોશી પણ ચાલી. પરંતુ ચંદ્રાવલી તો પ્રભુના દર્શન મેળાપની તમન્નામાં સપાટાબંધ પવનવેગે ઉપડી. ડોશીમા તેની લગોલગ ચાલી શક્યાં નહિ. પણ તેના પગલે પગલે ધીમે ધીમે ચાલતાં ચાલતા આગળ વધ્યાં. અહીં ચંદ્રાવલીજી શ્રીઠાકોરજી સાથે બહુલા વનમાં એક સુંદર આસન પર બિરાજી છે. તેવામાં વેગળેથી સાસુને આવતી દીઠી. ને એકદમ ચિંતામાં પડી ગઈ. તેના મુખ પરનો આનંદ જતો રહ્યો. શ્રીઠાકોરજી પાસેથી ઉઠી, તે વેગળી હાથ જોડી. ઉભી રહી વિનંતિ કરી બોલી "મારી સાસુ આવે છે. હવે તેને શો જવાબ આપીશ ? અને જે એ ડોસી મારી ફજેતી કરશે." પ્રભુ બોલ્યા, તું લગારે ગભરાઈશ નહિ. દૈવી જીવોની ફજેતી કરનાર પોતે ફજેત થાય છે." ડોશીમા ચંદ્રાવલીને વેગળેથી જુવે છે, પણ આંખે બરાબર સૂઝતું નથી. તેથી તેને ઓળખી શકતાં નથી. કોઈ સ્ત્રી શ્રીઠાકોરજી પાસે છે તેટલું જુવે છે. તે પરથી અનુમાન કર્યે છે કે એ ચંદ્રાવલી જ હશે પણ તે જ પળે સન્મુખ ધુધવાટા મારતો સિંહ તથા તેની પાછળ એક ગાય પોતે જુવે છે. ડોશીમા ગભરાઈને પાછા નાસવા જાય છે, પણ પડી જાય છે ને સખત વાગે છે. ઉઠાતું પણ નથી એટલે બૂમ પાડે છે, "હે ગોરધન તારૂં કહ્યું, ના માન્યું, અને નંદલાલ તથા ચંદ્રાવલીની પૂંઠ જોવા લાગી તેનું ફળ મલ્યું. હે ગોરધન ! હે ચંદ્રાવલી ! હવે હું મરી ગઈ, મને ઉચકી ઘેર લઈ જાઓ." આ વખતે નંદલાલે સિંહ રૂપ ત્યજીને શ્રીઠાકોરજી રૂપે ડોશી સામે જોયું અને પોતાના સખાઓને બોલાવી ડોશીમાને ઘેર પહોંચાડયાં. ડોશીમા ઘેર ખાટલામાં સૂતાં છે ત્યાં થોડીવારે ચંદ્રાવલીજી

ઘેર આવે છે. ને ડોશીમાને પૂછે, "શું થયું ? ક્યાં પડી ગયાં ?" ડોશીમા શો જવાબ આપે ? ચંદ્રાવલીજી બોલી, "જુઓ હું તો મથુરા જઈ દહીં વેચીને આવી. આ પૈસા દહીંના લો. તમે મારી પૂંઠ જોઈ હશે. વનમાં ગયાં હશો, મને ખબર મલી છે. પણ પવિત્રની પૂંઠ જોઈએ તો પ્રભુ ફળ આપે. માટે હવે કોઈ દિવસ કોઈની પૂંઠ જોશો નહિ." આમ વાતો કરે છે તેટલામાં નંદલાલ ત્યાં આવ્યા ડોશીમાથી ઉઠાતું નથી તેથી મનથી નમન કર્યું, પ્રભુમાં દષ્ટિ રાખી દેહ છોડયો તેમની મુક્તિ થઈ. સિંહ તે ઠાકોરજી હતા. અને તેની પાછળ ગાય રૂપ ચંદ્રાવલીજી હતી. આજે પણ બહુલાવનમાં ગાયની પ્રતિમા છે, તે બહુલા ગાય કહેવાય છે. તે ચંદ્રાવલી સ્વરૂપ છે.

પ્રભુએ સિંહ સ્વરૂપ લઈ જણાવ્યું કે મારા ભકતો ગાયો છે, અને ચંદ્રાવલી મારી ગાય છે. તેનું રક્ષણ મેં સિંહ થઈને કર્યું. આસુરી જીવોને પ્રભુ સિંહ, વાઘ જેવા લાગે છે, અને તેવાં દર્શન આપી ભકતોરૂપી ગાયોનું રક્ષણ પ્રભુ કરે છે.

---

## (૯) કામદેવ પરાજય લીલા

એક સમયે નારદ ઋષિ પ્રભુ ગુણ ગાતા, વીણા બજાવતા જતા હતા. મારગમાં કામદેવ મલ્યો. નારદજીને પ્રભુના ગુણગાનમાં મગ્ન જોઈને ક્રોધથી તે બોલ્યો, "અલ્યા નારદિયા ઉભો રહે, શું લવારો કરે છે ?" નારદ ઉભા રહી બોલ્યા, મહારાજ લવારો કરતો નથી પણ પ્રભુ ગુણ ગાઉ છું. કામદેવે કહ્યું. "મારા સિવાય જગતમાં બીજો ઈશ્વર કોણ છે ? મેં શંકર બ્રહ્માને પણ વશ કર્યા છે, તેમજ મોટા મોટા ઋષિ મુનિઓને પણ સતાવ્યા છે. બોલ. મારાથી બીજો કોઈ મોટો દેવ છે ? માટે તું મારા ગુણ ગા, નહિ તો તારી પણ ખબર લઈ લઈશ, સમજ્યો ?" નારદ બોલ્યા, "મહારાજ ! સમજ્યો,



પણ મારી વિનંતિ સુણો, પછી જેમ કહેશો તેમ કરીશ." કામદેવ, બોલ્યો, "કહે, તારે શું કહેવું છે ? ઝટ કહી નાખ" નારદ બોલ્યા, મારી વિનંતિ એ છે જે શ્રીગોકુલમાં નંદલાલ છે, તે કહે છે કે હું સાક્ષાત પ્રભુ છું. કામદેવનો પણ કામદેવ છું, બ્રહ્મા, શંકર અને અન્ય દેવો મારામાંથી ઉત્પન્ન થયા છે. કામદેવને પણ ઉત્પન્ન કરનાર હું છું. આ છેલ્લા શબ્દ સાંભળતાં કામદેવ લીલો પીળો થઈ ગયો. અને વચમાં જ ક્રોધ ને ગર્વથી બોલી ઉઠયો, "અરે ! એ નંદલાલ કોણ છે ? મને ઉત્પન્ન કરનારને જોઉં તો ખરો. મને તે નંદલાલ જલદી બતાવ, મારે તેનો મદ ઉતારવો પડશે." નારદ બોલ્યા "હા, મહારાજ ! જો તેને જીતો, અને તેનો મદ ઉતારો, તો તો પછી હું આપના જ ગુણ અહર્નિશ ગાતો ફરૂં. પછી મને કોઈનો પણ ડર રહે નહિ." કામદેવ બોલ્યો, "નારદ ! મને એ નંદલાલ જલદી ઓળખાવ, મેં તેને કદીયે જોયો નથી. માટે જલદી બરાબર નિશાનીબંધ ઓળખાવી દે, હું અહીંથી બારોબાર ત્યાં જાઉં છુ અને તેની ખબર લઈ લઉં છું." નારદ કહે, "તે રંગે ઘનશ્યામ છે, વિજળી જેવો તેજસ્વી છે, માથે મોરપીંછનો મુકુટ પહેરે છે. બંને કાનમાં રત્નજડિત કુંડલ છે, મુખપર બંસી ધરે છે, નેત્ર કમળ જેવાં છે. કટીએ કાછની રાખે છે, પીળું વિજળી જેવું પીતાંબર પહેરે છે, ઉંમર સાત આઠ વરસની છે. તેણે ઇંદ્રનો યાગ બંધ કરી, ગોવરધન પર્વતની પૂજા કરાવી છે. અને કાલી નાગ નાથ્યો છે, તથા દાવાનળ પીધો છે. તે જ આ નંદલાલ, બીજે નહિ કંસે તેને મારવાને ઘણા ઘણા પ્રયત્ન કર્યા પણ તે નિષ્ફળ નીવડયો છે." કામદેવ બોલે છે, "હવે બસ કર એ બધાને જીતીને ગર્વિષ્ટ થયો છે, પણ હમણાં જ હું એનો એ ગર્વ ઉતારી દઉં છું. મારી આગળ તેનું કંઈ નહિ. ચાલે, કારણ કે મેં સાંભળ્યું છે કે તે સ્ત્રીલંપટ છે. સ્ત્રીલંપટનું મારી પાસે કંઈ પણ ચાલતુ નથી. મારી આગળ તે બકરી જેવો થઈ જાય છે," નારદ કહે, "હા,

મહારાજ ! સાચી વાત છે. વ્રજની ગોપીઓ તેને દેખી ઘેલી થઇ છે, તે તો મેં પણ સાંભળ્યું છે" કામદેવ ત્યાંથી ઉતાવળો વ્રજમાં ગયો.

પ્રભુ અંતર્યામી છે. કામદેવને આવતો જાણી પોતે ગોવાળિયાના વેશે સામા ગયા. શ્રીયમુનાજીને કિનારે કામદેવ પ્રભુને મળ્યો. કામદેવે પૂછયું, "અરે, ગોવાળ ! આ ગામમાં નંદલાલ રહે છે, તેનું ધામ મને બતાવ, મારે તેનું જરા કામ છે." ગ્વાલરૂપે પોતે બોલ્યા, "આપને તેનું શું કામ છે ? તે તો અત્યારે ગાયો ચારવા વનમાં ગયો હશે. જે કામ હોય તે મને કહો તો હું આપની સાથે આવી તેને બતાવું." કામદેવ બોલ્યો, "મારે તેની સાથે યુદ્ધ કરી તેનો મદ ઉતારવો છે, માટે એને જલદી બતાવ." ગ્વાલરૂપે પ્રભુ બોલ્યા, "અમે તેના શિષ્ય છીએ, માટે પ્રથમ અમને જીતી પછી તેની સાથે ખુશીથી યુદ્ધ કરો." કામદેવ બોલ્યો, "ચાલ ત્યારે, યુદ્ધ માટે તૈયાર થા." ગ્વાલે કહ્યું, 'મેદાનની લડાઈ કરવી છે, કે ગઢયુદ્ધ કરવું છે ? જેવી ઇચ્છા હોય તે કહો. બંને પ્રકારનું યુદ્ધ હું જાણું છું." ગ્વાલનાં વચન સાંભળી કામદેવ વિચારમાં પડયો, "મેદાનનું યુદ્ધ શું અને ગઢયુદ્ધ શું, તેની મને તો ખબર જ નથી. પણ ના કહીએ તો આબરૂ જાય માટે, અત્યારે તો ગમે તેમ જવાબ દઈએ," યુદ્ધ કરીશું, બંનેમાં તને હરાવીશું." ગ્વાલે કહ્યું, "તમારા લાવ લશ્કર સાથે તૈયાર થાઓ." તેટલું કહી પોતે સમાધિ ચઢાવી બેસી ગયા. કામદેવે અપ્સરા, સુંદર શીતલ સુગંધમય મંદ મંદ પવન, ફૂલ વગેરેથી શોભિત વન, ગાન, તાન વગેરે પોતાનાં પાંચે હથિયાર ચલાવ્યાં, પણ તે ગ્વાલને ડગાવી શકયો નહિ પોતે સર્વ શક્તિ ચલાવી પણ નિષ્ફળ થયો, મોઢું લેવાઈ ગયું. તે મનમાં સમજ્યો કે જેનો શિષ્ય આવો છે તે નંદલાલ કેવો હશે ! પણ ચિંતા નહિ મેદાનની લડાઈમાં તેને જરૂર હરાવીશ. એમ વિચારી બોલ્યો.



"હે ગ્વાલ ! ભાઈ. આ લડાઈમાં હું હાર્યો. તું જીત્યો, પણ હવે મેદાનની લડાઈ ચલાવો, તેમાં હું તને જરૂર હરાવીશ." ગ્વાલ રૂપે પ્રભુએ કહ્યું, "ભલે હવે મેદાનની લડાઈ કરીએ, પણ મારા ગુરૂને બોલાવી લાવું, કારણ કે તમારે છેવટે તો તેમની સાથે જ યુદ્ધ કરવું છે. મને હરાવે તમારો કંઈ દિવસ વળે તેમ નથી." કામદેવ સમજ્યો કે, આને મેદાનની લડાઈ આવડતી નથી, માટે આમ કહે છે. પણ ફિકર નહિ આપણે તો નંદલાલને હરાવીએ તો જ નારદજી આપણા ગુણ ગાય. માટે ભલે તેના ગુરૂને બોલાવે. હું પણ નંદલાલ સાથે જ લડવા ઇચ્છું. તેથી બોલ્યો કે, 'તારા ગુરૂને જલદી બોલાવ." ગ્વાલે કહ્યું, "તમે જરા થાક ખાઓ, હમણાં જ મારા ગુરૂજીને તેમના સર્વ સાજ સાથે તેડી લાવું છું, એમ કહી પોતે ચાલ્યા. થોડી જ વારમાં પોતે નંદલાલ થઈને પાછા આવ્યા અને કામદેવને કહ્યું, "અરે ! કામ તું સમજીને હજુ પાછો જા, મારા શિષ્યને જીતી શકયો નથી, તે તું મને શું જીતીશ ? માટે હજુ માનભેર પાછો જા." કામદેવ બોલ્યો, "હે નંદલાલ ! હું જરૂર જીતીશ, અને તારા ગર્વનું ખંડન કરીશ." "ઠીક ત્યારે બરાબર તૈયાર થા." તેમ કહી, પ્રભુએ અનેક ગોપીજન સાથે સુંદર રાસ રમવાનું શરૂ કર્યું. કામદેવ મનમાં સમજ્યો કે, નંદલાલ મૂરખ છે, આ રાસમાં તો સર્વે મારાં હથિયાર છે, અને મારે હથિયાર લાવવાં નહિ પડે. તે જરૂર હારી જશે. આવી મોહક સામગ્રી છે. તેમાં તે શી રીતે ટકી શકશે ? હમણાં જ વીર્ય સ્ખલિત થઈ જશે, અને તે હારી જશે. પણ તેના મનના વિચાર મનમાં જ સમાઈ ગયા. કામદેવ પોતાનું પૂર્ણ બળ વાપરી ચૂકયો પણ નંદલાલને તો શું પરંતુ ગોપીજનનોને યે હરાવી શકયો નહિ તેના હાથ નીચા પડયા. તે તદ્દન નિરાશ થઇ ગયો તેટલામાં લલિતાજીએ ઘૂમટામાંથી મુખ કાઢી તેના તરફ તીરછી આંખ મારી કે તે બેહાલ થઈ ભૂમિ પર પડી ગયો, ને જ્યારે ભાન આવ્યું ત્યારે ઉઠીને શરમીદો થઈને ભાગી ગયો. આ વાત તેણે બ્રહ્માને

કહી. બ્રહ્મા બોલ્યા કે તે તો પૂર્ણ પુરૂષોત્તમ ગૌલોકવાસી પ્રભુ છે. તેમની સાથે તેં ક્યાં ઝઘડો કર્યો ! આપણા સર્વેના તે પિતા છે. આપણને ઉત્પન્ન કરનાર છે, જા જલદી શરણે જા, નહિ તો બાળીને ભસ્મ કરશે. કામદેવ આવી પ્રભુને ચરણે પડયો, ને માફી માગી પ્રભુએ ઉદારતાથી તેના પર કૃપા દૃષ્ટિ કરી કહ્યું, "જા, તું દ્વારકાની લીલામાં અમારા ત્યાં પુત્ર રૂપે પ્રગટ થઈશ અને ત્યાં તને બહુ આનંદ મલશે." કામદેવ પ્રભુના ચરણોમાં પડી ચાલ્યો ગયો ને તે દિવસથી પ્રભુના ગુણ ગાવા લાગ્યો ને આખરે દ્વારકાની લીલામાં રૂક્ષ્મણિજીને ત્યાં પુત્ર રૂપે "પ્રદ્યુમ્ન" નામથી પ્રગટ થયો.

---

## (૧૦) બંસી ચુરાવન લીલા.

એક સમયે સઘળી ગોપિકાઓએ મળી વિચાર કર્યો, "શ્યામની મોરલી આપણને બહુ જ સતાવે છે રાત દિવસ પ્રભુ તેની સાથે જ રમે છે, ને તેને અધરસુધારસ પાય છે સાચું કહીએ તો શ્યામ તેને વશ થઇ ગયા છે. તેને લગારે છોડતા નથી તે આપણી મશ્કરી કરે છે, અને આપણને ચીડવે છે, પ્રભુના અધરસુધાનો ખરો રસ આનંદ તો તે ભોગવે છે માટે આપણે મળી તે બંસી ચોરી લઇએ તો ઠીક આનંદ આવે.

(દોહા)

**સખી :**– અરી સખી સબ મિલ, વહ બંસી લેહુ ચુરાય,
રૈન દિનાકો ખટકનો, યહ બ્રજસેં ઉડી જાય. ૧

**મનસુખા ગોપ :** (દોહા)

ઇતનેહીમેં મનસુખા, ગયો, કૃષ્ણ પેં ધાય;
સબ સખીયન યહ મત કિયો, બંસી લેહુ ચુરાય.



કહ્યો માન ઘનશ્યામ અબ, બંસી દીજૈ મોય.
નાતર વ્રજકી ગોપિકા, ઠગની ઠગલેં તોય.

**શ્રીકૃષ્ણ વચન:**–અરે મનસુખા ! સુન તો સહી, તૂ મેરી
બંસીકો લે જાત તો હૈ, પરંતુ વાકી કો ગુપ્ત
રખદીજે; ઓર દેખ, વે મેરે પ્રાન હુ તેં પ્યારી. હૈ

**સમાજ:**–બંસી ઉરસી ફેંટમેં, ભાજ્યો મુહ મટકાય;
જહીં હતી વ્રજ ગોપિકા, તહીં પહુંચ્યો આય

મનસુખાને જોઈ ચતુર ગોપિકાઓ સમજી ગઈ કે, તેની પ મોરલી છે. એટલે તે લેવાને માટે તેઓ તેને લલચાવવા લાગી.

( દોહા )

**સખી વચન:**–અરે મનસુખા, તનસુખા, નેક ઇતેલો આય;
માખનમિસરી દેહું તોય, ભોજન પેટ અઘાય.

**મનસુખા:**–માખનમિસરી હે સખી મોહી ન નેક સુહાય,
અરી સખી કહા કારને, મોસો તૂ ઇઠલાય.

**સખી વચન:**–નૃત્ય કરન હમ ચાહતી, પ્રેમ સહિત હરિ ધ્યાન
યાસો પ્રેમી ઢુંઢતી, તા સંગ કરત નૃત્યગાન.

**સમાજ:**–સખિન સહિત તબ મનસુખા નૃત્ય કરત રસબોર,
પ્રેમ વિવશ ધરની ગિર્યો, બંસી લીની ચોર.

થોડીવારે મનસુખાને ભાન આવ્યું, કોઇ ગોપીને દેખી ન એટલે તે ઉઠીને ચાલતો થયો. માર્ગમાં નંદલાલ મલ્યા, "ચ મનસુખા ! મારી બંસી લાવ તો, જરા બજાવું, ને આનંદ કરાવું મનસુખો ફેંટમેં જુવે છે તો કંઈ મલે નહિ, મનસુખો આ પડયો, બોલ્યો, "મહારાજ બંસી તો ક્યાંક પડી ગઈ." નંદલ બોલ્યા, "પડી શું જાય ! તું ગોપિકાઓને આપી આવ્યો. તે

ઠગ્યો. સાચું બોલ. બંસી તે કોને આપી ?" મનસુખો, કાંપતો કાંપતો બોલ્યો, "મહારાજ ! સાચું કહું છું, બંસી લઈ હું ગોપિકાઓ પાસે ગયો, તેમના કહેવાથી હું તેમની સાથે નૃત્યગાન કરવા લાગ્યો, અને તેમાં તરબોળ થતાં પડી ગયો. પછી શું થયું તેની મને લગારે ખબર નથી. ભાન આવતાં જોયું તો ત્યાં કોઈ ગોપિકા ન હતી, એટલે ઉઠીને અહીં આવું છું." શ્રીઠાકોરજી સમજી ગયા કે, બંસી કોઈ ગોપિકાએ ચોરી લીધી છે. અને તે શ્રી રાધાજી પાસે હોવી જોઈએ. એમ વિચારી શ્રી ઠાકોરજી ગોપિકાઓ પાસે ચાલ્યા અને ત્યાં આવીને બોલ્યા :—

કાલી સખી યહ ઠોર, બાંસુરી ભૂલ બિસારી;
લેજ ગઇ તુમ ધામ, બાત હમ સુની હૈ તિહારી,
નાહિન તુમારે કામકી હો, બંસી હમારી દેહું;
અતિ આતુર હવે માંગહી, તુમ નાહિન નાહિ કરેઉં,
બાંસુરી દીજિયે વ્રજનારી.

કહું દેખી ભૈયા, બંસી ચુરાવનહારી.—ટેક.

હમ જમુના તટ પાટ કરત હૈ, વહ જલ ભરને આઇ,
સાત સખી મિલ ઠેલે મેલે, બંસી લીની ચુરાઇ. કહું. ૧

ગોકુલ ઢુંઢત, મથુરા ઢુંઢત, ઢુંઢત કુંજ અટારી,
પાત પાત વૃંદાવન ઢુંઢત, તબહું ન મિલૈ રાધા પ્યારી. ૨

આલે પાનકે લેહંગા સોહે, ફૂલ ભરેકે સારી.
હરિદાસ મૃદંગી સોહે, મોહી વૃષભાનુદુલારી કહું. ૩

જમુના તીર કદંબ ચડી છઈયાં તહાં ખડે વનવારી,
સુરદાસ બલિ જાઉં ચરનકી, તહાં મિલિ રાધા પ્યારી કહું. ૪



## [ જુગલ વચન ]

ઠાકોરજી—હમારી બંસી પ્યારી તુમ દો વૃષભાનદુલારી.
રાધાજી—હમ કયા જાને, પ્યારે ! તુમ દેખો, જહાં વિસારી.
ઠાકોરજી—વહ મુરલી કહાં દુરાઇ સાંચી બતાવો, મુરલી પ્રાન પ્યારી.
અતિ સુંદર મેરી પ્રિયા ! સોં તિહારી.
રાધાજી—હમ નહિ લલન બિલોકી, મુરલી કહાં ભૂલે કેહિ ઠોરી,
પૂછત હો કયોં છેલછબિલે, કો જાને કહાં ડારી ?
ઠાકોરજી—વહ બંસી મોહે નેક ન વિસરે, દીજે વેગ બતાઈ,
અબ ન છિપાવો સાંચી બતાવો, વિનંતિ કરૂં તિહારી
રાધાજી—નહિ જાને તુમ કહાં ધરી હે, બાંસુરી શ્રીગિરીધારી,
બારબાર કયાં પૂછત હોજી મનમોહન વનવારી.
ઠાકોરજી—યા બંસીને ત્રિભુવન મોહ્યો કહાં લગ કહું બિચારી,
તુમ તો ગુન નહિ જાનત વાકે સુરનર મુનિ હિતકારી.
રાધાજી—હમ નહિ શ્યામ છિપાવે મુરલી, તુમસેં કુંજ બિહારી,
સાંચી કહે મુરલિયા હમને, નહિ દેખી નૈન નિહારી.
ઠાકોરજી—યહ મુરલી મેરી લલિત મોહની, સો તુમ રાખી લુકાઈ,
બનબનમાંહી બજાવેં યાકો, તુમરેહી ગુનગાઇ.
રાધાજી— સો સબ સાંચી કહો કુવર જો હમ કહા જાને નારી,
યહ ગુન યા મુરલી કે માંહી, સુની મોહી વ્રજનારી,
હંસ મુસિકાય દેઉ તુમ મુરલી, પ્યારી મોહિ બતારી

સખી વચન—બંસી કૈસી હોત નહિ હમ નૈનન દેખી,
પિતા તુમારે સાધ કાન્હ, તુમ ફિરત અબેકી.
ઇત ઉત ખેલત તુમ ફિરો, કહાં હી ભૂલિ ગયે;
સાંત સપત બાબાકી, સો હમ નાહીં જ નહીં લઈ.

**શ્રીકૃષ્ણ**– બંસી હમરી દેહું, કાહે કોં રાર બઢાવો;
સમુઝી બુઝી મનમાંહી. કાહે કોં લોગ હસાવો,
લોગ હસે ચર્ચા કરે, તુમ દેખો મન જ વિચાર;
યહ બંસી નિર્મોલકી, તુમ દેતી કયોં ન ગંવાર.
બંસરી દીજિએ વ્રજનારી.

**સખી**–હમસોં કહત ગંવારી, આપકી કરત બડાઈ.
માર્‌ં ગુલચા ગાલ, તો મેં બાબાકી જાઈ,
તુમસેં કેતિક ગ્વાલિ હો, માંગત હમપેં દાન;
ચતુરાઈ તુમ છોડી દેહુ, જાય ચરાવો ગાય.

**શ્રીકૃષ્ણ વચન**–યાં બંસીકી સારિ કહા તુમ ગ્વાલિન જાનો,
તીન લોક પટતાર, તાસોં મેરો મન માનો;
યહ બંસી ખોજત ફિરે, શિવ વિરંચિ મુનિ નાથ,
પરછાંઈ પરસેં નહિ, તુમ કહા નચાવો નાથ !
બાંસુરી દીજિયે વ્રજનારી.

**સખી વચન**–નંદમહર કે કુંવર કાન્હ, તોય કૌન પતિજે;
ભૂલ આયે કહું અનંત, દોષ હમકો નહીં દીજે,
લૈ લકુટી મુખપૈ ધરી, બંસી વાકો નામ;
જીન ઘર ઐસે પુત્ર હે લાલ, ઉજરત જિનકે ગામ.
બાંસુરી કૈસી હોત, નહીં હમ નૈનન દેખી.

**શ્રીકૃષ્ણ વચન**–ઉજરેં ભાયેં બસો હમેં કહા ચાહ તિહારી;
તુમ સરખાં લખ ચારિ, નંદ ઘર ગોબરહારી.
એક લાખ મેરે સંગ ચલી, લખ આવે લખ જાય;
લખ ઠાડી દર્શન કરે, તુમ સુંદર કયોં લલચાય.
બાંસુરી દીજિયે વ્રજનારી.



પદ

શ્યામકી બંસી બન પાઈ. ટેક૦
ઉઠો જસોમતિ ખોલો કેવરિયા, કાન્હહિ દેઉ જગાઈ. શ્યામકી૦
જો તુમ જાનો બંસી ગઈ હૈ બંસી કે સંગ મેરી, પોંચી હિરાઈ
કાન ન સુની, નૈન નહિ દેખી, ચલહું ઠોર તોય દેહું બતાઈ
સુરદાસ ભજી બાલકૃષ્ણ છબિ, દોનો પદે એક હી ચતુરાઈ

(શ્યામની એક સખી બંસી આપે છે)

**સમાજ** – સુપર સયાની નારિ, હાય ગ્રહી બંસી લાઈ
પૂરન પરમાનંદ સામરે, મુખહિ બંસી બજાઈ
લે બંસી ગ્વાલિન મિલી, ઘુંઘટ બદન છિપાય
સુરદાસ પ્રભુ હારી ગ્વાલિન, જીતે જાદોરાય
બાંસુરી લીજિયે વ્રજનાય

---

## (૧૧) ચોપટ લીલા

અન્નકૂટ પહેલાં આસો માસની અંધારી ચૌદશને દિને રા
શ્રીગિરિરાજની પરિક્રમા નીકળે છે. તે વખતે યશોદાજી કહેવા લાગ્ય
કે લાલાને તેડીને મારાથી તો પરિક્રમા નહિ થાય. નંદજીએ પ
તેમ જ કહ્યું. એટલે શ્રીઠાકોરજીને સુવાડી ઉંઘાડી, ને સુદામા
પાસે રાખીને કહ્યું કે જો લાલો જાગે તો આ ખાવાનું તેને આપજ
અને બરાબર સરત રાખજે. અમે પરિક્રમા કરીને સવારે આવીશુ
કીરતિજીએ પણ કહ્યું કે રાધાને લઈને મારાથી પરિક્રમા નહિ થા
વૃષભાનજીએ પણ તેમ જ કહ્યું. તેઓ પણ રાધાજીને સુવાડી ઉંઘા
પાસે લલિતાજીને મૂકી બરાબર દેખરેખ રાખવાનું કહી. પો
પરિક્રમા કરવા ચાલ્યાં. શ્રીરાધાજી તેમના ગયા પછી લલિતાજી
કહે છે કે આજે શ્રીઠાકોરજી પધારશે નહિ. તે તો પરિક્રમામાં ગ
હશે. લલિતાજી બોલી, "આપને મૂકીને શ્રીઠાકોરજી કદી પરિક્રમા
જાય નહિ, હમણાં પધારશે." શ્રીરાધાજીને ચિંતા-વિરહ થવા લાગ્

"આજે શ્રી ઠાકોરજી પરિક્રમામાં ગયા હશે. નહિ આવે ? કેમ હજુ આવ્યા નહિ ?" વગેરે અનેક વિચાર થયા અને વિરહ તાપ થયો. આંખમાંથી અશ્રુ ચાલવા લાગ્યાં. લલિતાજી ધીરજ આપે છે.

આ તરફ પ્રભુજી જાગ્યા. પોતે સર્વ શણગાર પહેરેલા છે, કારણ આ મોટું પર્વ છે. થોડીવારમાં શ્રીઠાકોરજી શ્રીરાધાજીના તંબુમાં આવ્યા શ્રીસ્વામિનીજીને દર્શન થતાં બહુ જ આનંદ થયો, ને બોલી ઉઠયાં, 'મેં જાણ્યું કે આપ પરિક્રમામાં પધાર્યા હશો." શ્રીઠાકોરજી કહે, "તમારા વિના હું પરિક્રમામાં કેવી રીતે જાઉં ?" (શ્રીઠાકોરજી એક આસન પર બિરાજ્યા.) શ્રીરાધાજી કહે, "વર્ષમાં એક દિન જે આજનો છે, તે જુગટું ખેલવાનો છે. તે દિવસે જુવા ખેલવાથી સર્વ પાપમાંથી મુકત થવાય છે, તેમાંય વિષય દોષથી ખાસ મુકત થવાય છે. તમે કંઈ લાવ્યા છો ?" શ્રીઠાકોરજી કહે, "હા, હા, મારા શરીર પર કેટલાએ શણગાર છે." શ્રીરાધાજીએ ચોપટ મંગાવી, ને નંદલાલને કહ્યું કે, હોડમાં શું મૂકો છો ? નંદલાલે મુરલી તથા કામળ હોડમાં મૂકયાં. પહેલો દાવ રાધાજીએ નાંખ્યો તેમાં તે જીત્યાં અને મુરલી તથા કામળ લઈ લીધી. બીજા દાવમાં શ્રીઠાકોરજીએ સર્વ શણગાર મૂકયાં તેમાં પણ રાધાજી જીત્યાં અને સર્વ લઈ લીધું. ત્રીજા દાવમાં શ્રીઠાકોરજીએ સર્વ વસ્ત્ર મુકયાં. હવે ફકત એક તનિયા કટિ પર રહી. શ્રીઠાકોરજીએ તે દાવ નાખ્યો આ વખતે ઠાકોરજી જીત્યા તો પણ લલિતાજીએ સ્વામિનીનો પક્ષ ખેંચી કહ્યું કે. શ્રીરાધાજી જીત્યાં છે. આ પ્રમાણે શ્રીઠાકોરજી સર્વ હારી ગયા. હવે શ્રીરાધાજી બોલ્યાં કે, હવે તમારી પાસે કંઈ હોય તો હોડમાં મૂકો. ના હોય તો ખેલ ખલાસ થયો. ઘેર પધારો. શ્રીઠાકોરજીએ કહ્યું કે, કંઈ નથી, ફકત આ તનિયો છે. મને કંઈ વસ્ત્ર પહેરવા આપો તો પહેરીને ઘેર જાઉં. પીતાંબર આપો તો સારૂં. સ્વામિનીજીએ લલિતાજીને કહ્યું કે, પેલી સાડી છે તે આપ, લલિતાજીએ તે લાવીને આપી. શ્રીઠાકોરજી શરીરે સાડી લપેટીને ઘર તરફ ચાલ્યા, રસ્તામાં વિચાર થયો કે, જો આ વેષે ઘેર



જઈશ. તો માતા, પિતા જરૂર પૂછશે, શો જવાબ દઈશ ? તેથી મુકામ પર ના આવતાં બારોબાર ગિરિરાજની કંદરામાં પધાર્યાં, ને ત્યાં એક સુંદર સુખશૈય્યા ઉપર પોઢી ગયા. પછી મનમાં વિચાર કર્યો કે, માતા–પિતા પરિક્રમામાંથી ઘેર આવશે અને મને નહિ જુએ તો સુદામાને ખૂબ વઢવે અને પોતે મણ મહા દુઃખી થશે. તેથી બીજે સ્વરૂપે મુકામ પર તંબુમાં શૈય્યામાં પોઢયા.

નંદલાલ પધાર્યા પછી શ્રીરાધાજીને પરતાવો થયો કે શ્રીઠાકોરજીએ માગ્યા છતાં મેં મૂરખાઇ કરી તેમને પીતાંબર આપ્યું નહિ, ને સાડી આપી; અને પોતે કચવાતે મને ચાલ્યા ગયા. તેમણે તરત હાંક મારી કે, અરે લલિતા ! જા, તું શ્રીઠાકોરજીને તેડી લાવ, મારાથી તેનેના વિના રહેવાતુ નથી મેં તેમની માગણી સ્વીકારી નહિ અને સાડી આપી, પણ પોતે કંઈ બોલ્યા નહિ. કેટલા ઉદાર આવા પ્રભુને હું વારંવાર દુઃખ દઉં છું, મારા જેવી મૂરખ કોણ હશે ? લલિતા કહે, "પહેલા વિચાર કરતાં નથી. અને પાછળથી પસ્તાવો કરો છો, તેથી શું વળે ?" શ્રીરાધાજી બોલ્યાં, "જા તું જલદી જા. તેડી લાવ એ મહામના નંદલાલને મારાથી તેમના વિના રહેવાતુ નથી લલિતા પ્રથમ નંદજીના તંબુએ આવી અહીં સુદામા ઉંઘી ગયો છે ને પાસે શ્રીઠાકોરજી પણ પોઢયા છે, બરાબર ધારીધારીને જોતાં ચતુર લલિતા સમજી ગઇ કે આ સ્વરૂપ મારી સ્વામિનીજી સાથે બેસે છે તે નથી. આ તો બીજું વ્યૂહ સ્વરૂપ લાગે છે, એટલે ત્યાંથી નિરાશ થઈ ચાલી. હવે શ્રીઠાકોરજીને કયાં જોવા, તે વિચાર કરવા લાગી રાત્રીનો વખત છે, ને લલિતા વિચાર કરતી કરતી ચાલી જાય છે. પ્રભુ ઈચ્છાએ તે સ્વાભાવિક જ ગિરિરાજની કંદરા આગળ આવી પહોંચી. ત્યાં સુંદર ફૂલ નજરે પડયાં, ને તે વીણવા ઈચ્છા થઈ, અને વીણવા લાગી. આગળ નજર ગઈ તો તેથી પણ સુંદર મધુર સુગંધીદાર ફૂલ જોયાં. તેથી લલચાઈને કંદરાની અંદર પેઠી. ત્યાં પણ સુંદર અલૌકિક ફૂલ જ હતાં. જેમ જેમ તે સુંદર

ફૂલની દેખતી ગઇ તેમ તેમ આગળ ને આગળ ચાલતી ગઇ. આગળ કંદરામાં અનેક જાતનાં પશુ, પક્ષી કોમળ, મધુર, સુંદર ગાન કરી રહ્યાં છે, અનેક જાતનાં ફળફૂલ બહુ જ મધુર સ્વાદિષ્ટ પકવાન્ન વગેરે ચાંદીના થાળમાં, સોનાના થાળમાં, રત્નજડિત થાળમાં ધરેલાં છે આ વિચિત્ર રચના જોતી જોતી છેક અંદર ગઈ તો એક સુંદર શૈય્યા ઉપર પ્રાણનાથ પોઢેલા છે. પ્રભુ ઉંઘતા હતા તેથી બોલાવ્યા નહિ, અને પાછી વળી, ઉતાવળી ઉતાવળી શ્રીરાધાજી પાસે આવી. અહીં જુએ છે તો શ્રીરાધાજી અતિશય વિરહ દુ:ખ કરી રહ્યાં છે, દેહદશાનું ભાન પણ નથી.

લલિતાજીએ કહ્યું, "હે પ્યારી ! નંદલાલ તો એક નવીન કુંજમાં પોઢયા છે. ઉંઘમાં હોવાથી મેં બોલાવ્યા નહિ. મહા અપરાધ પડે માટે બોલાવ્યા નહિ. મારી સાથે ચાલો તો તમને બતાવું. આ કુંજ નવીન છે, હજુ સુધી મેં તે કુંજ કદી પણ જોઇ નથી. આપણી સર્વે કુંજો કરતાં તે અધિક સુંદર ને અલૌકિક છે ચાલો બતાવું. શ્રીરાધાજી અશ્રુભરે નેત્રે બોલ્યાં, "સખી ! ત્યાં જવાનો મારો અધિકાર નથી, પ્રભુ બોલાવે તો જવાય, હવે પ્રભુ નહિ મળે તું તેડી લાવીશ, એવી જ આશા હતી તે પણ નિષ્ફળ ગઈ." આ પ્રમાણે રાધાજીના વિરહનો પાર રહ્યો નહિ, અતિમહાન વિરહ થયો. શરીર પરના સર્વે શણગાર વિરહના તાપથી શ્યામ થઈ ગયા અને પોતાની મેળે નીકળી પડયા.

પ્રભુ તો અંતર્યામી છે, તેમનાથી શ્રીરાધાજીનો વિરહ તાપ સહન થઇ શકયો નહિ. પોતાને પણ શ્રીરાધાજીના પ્રેમને લીધે મહાન વિરહ થયો તેથી એકદમ ઉઠીને શ્રીરાધાજીને મુકામે પધાર્યા. તે વખતે બંનેના મુખમાંથી બે અગ્નિ સ્વરૂપ નીકળ્યાં. તે બેનું મિશ્ર સ્વરૂપ શ્રીઠાકોરજીએ બનાવ્યું, અને રાસલીલાના અનુભવ માટે આજ્ઞા કરી. આ તેજ સ્વરૂપ એ જ શ્રી મહાપ્રભુજી છે.

---



## (૧૨) શ્રી રુકમિણીજીના માનનું (ગર્વનું) ખંડન

એક સમયે પ્રભુ દ્વારકામાં સુખશૈય્યામાં પોઢયા છે ને રુકમિણીજી હસ્તમાં પંખો લઇ વા ઢોળે છે, તેટલામાં પ્રભુ "હા હા, રાધા" એવો દુ:ખનો પોકાર કરતા ઉઠીને બેઠા થઈ ગયા. રુકમિણીજી આશ્ચર્ય પામ્યાં, અને બોલ્યાં, "હા ! મારા નાથ ! ઘણી ખમ્મા, આપને શું થયું ? શા માટે આટલા બધા દુ:ખનો પોકાર કર્યો, અને શ્રીરાધાજીને યાદ કર્યાં, તે કહો" પ્રભુ બોલ્યા, "પ્યારી, કંઈ નહિ, એ તો અમસ્તું બોલાઈ ગયું જીવ છે તે કંઈ વિચારમાં પડી જાય ત્યારે આમ બોલી જવાય" રુકમિણી કહે, "હે નાથ ! તમે મને ઠગો છો. સાચી વાત કહેતા નથી, કેવળ સમજાવો છો. અતિ દુ:ખ વિના દુ:ખનો પોકાર થાય નહિ. માટે સાચું કહો." પ્રભુ બોલ્યા. "સાચું કહું તો તમને રીસ ચડશે, ને ખોટું લાગશે માટે તે વાત રહેવા દો તો સારૂં" રુકમિણીજીએ આગ્રહ કર્યો એટલે પ્રભુ બોલ્યા, "સાચી વાત તો એ છે કે, મને વ્રજ યાદ આવ્યું. એ સુખ ભૂલવા હું બહુ પ્રયત્ન કરૂં છું, છતાં ભૂલાતું નથી. એ રાધા ! એ ગોપીજનો, એ યશોદાજી, એ નંદજી, એ યમુના, એ બંસીબટ, એ વૃંદાવન, એ સખા, એ ગાયો વગેરે મારી નજર આગળ વારંવાર આવીને ખડાં થાય છે." રુકમિણીજી કહે, "મહારાજ, શું દ્વારકાની શોભા કરતાં તેની શોભા વધારે છે ? દ્વારકામાં શાની ખોટ છે ? જે જોઇએ તે સર્વ છે. વળી રાધા, ગોપિકાઓ વગેરે તો આહીર જાતિ, વગર ભણેલાં, મૂર્ખ, જંગલી હતાં. તેમાં તમને આટલો બધો મોહ કેમ છે ? તેમનાં રૂપ, વર્ણ, ચતુરાઈ પણ અમારા જેવાં કયાંથી હોય !" પ્રભુ હસ્યા ને કહ્યું, "અરે રુકમિણી ! તેમના સ્નેહનો સોમો ભાગ દ્વારકામાં નથી. તેમ જ તેમના જેવું રૂપ ત્રિલોકમાં નથી. જો તમને ખોટું ન લાગે ને સત્ય કહેવડાવો તો કહું છું કે રાધાજીના ચરણની પાની બરાબર તમારૂં મુખ પણ નથી.

આ છેલ્લા શબ્દો સાંભળતાં તો રુકમિણીજીને અતિશય માઠું લાગ્યું, પરંતુ મનમારીને બોલ્યા, "મહારાજ ! તમે તો અમારી મશ્કરી કરો છો, તમને મશ્કરી કરવાની ટેવ છે. જો તે વાત સાચી હોય તો મને એકવાર એ શ્રીરાધાજીનાં દર્શન કરાવો; હું પ્રત્યક્ષ જોઉં તો આપની વાત માનું." પ્રભુ બોલ્યા, "વખત આવે મેળાપ કરાવીશ."

ઉપરની વાત પછી કેટલેક વખતે સૂર્યગ્રહણના નિમિત્તથી દ્વારકાવાસી સર્વ કુરુક્ષેત્ર પધાર્યા. વ્રજમાંથી પણ યશોદા, નંદજી, ગોપીજનો, શ્રીરાધાજી વગેરે કુરુક્ષેત્રમાં આવ્યાં હતાં. આ પ્રસંગ જોઇને રુકમિણીજીએ પોતાની એક સખીને આજ્ઞા કરી કે તું શ્રીરાધાજીના તંબુમાં જા, અને શ્રીરાધાજીને પૂછી આવ કે, રુકમિણીજી તમને મળવા ઇચ્છે છે, તો આપ આજ્ઞા કરો, તે વખતે આવે.

સખી ગોકુલવાસી જનોના મુકામ તરફ ચાલી. એક સ્થળે ગોપીઓનું એક યૂથ ગાતું હતું, પ્રભુરસમાં મગ્ન હતું. ત્યાં આવી તેણે પૂછ્યું, 'બેનો ? આમાં શ્રીરાધાજી કોનું નામ છે ?" જવાબ મળ્યો, "અહીં તો શ્રીરાધાજી કોઈ નથી." અહીં આવનાર શ્રીરુકમિણીજીની સખી આ ગોપીજનોના રૂપ જોઈ ચકિત થઇ ગઈ. ત્યાંથી આગળ જતાં બીજું એક યૂથ ગાતું હતું, ત્યાં પણ તેજ પૂછ્યું, ને જવાબ મળ્યો, "અહીં તો કોઈ શ્રીરાધા નથી." આ ગોપીજનો પહેલાં કરતાં પણ વધારે સુંદર હતાં. આ પ્રમાણે એક એકથી અધિક સુંદર યુથમાં જઈ પૂછતી પૂછતી નવમાં યુથમાં તે આવી, ને પુછ્યું." "બેનો ! તમારામાં શ્રીરાધાજી કોનું નામ છે ?" જવાબ મળ્યો, "તમે કોણ છો ? કયાંથી આવો છો ? શ્રીરાધાનું શું કામ છે ? તે બોલી હું મહારાણી રુકમિણીજીની દાસી છું, રુકમિણીજી પૂછાવે છે કે મારે શ્રીરાધાજીને મલવું છે, તો કયારે દર્શન માટે આવું." એક સખીએ કહ્યું, "જા ! પેલા સામાં સિંહાસન પર બિરાજે છે તે શ્રીરાધાજી છે." સખી અંદર ગઈ, દંડવત કરી વિનંતિ કરી, "મારાં રાણી



રુકમિણીજીને આપનાં દર્શનની ઈચ્છા છે તો તે ક્યારે પધારે ? શ્રીરાધાજી બોલ્યાં, "હે સખી ! તમારા મહારાણી રાજાના કુંવરી છે તેમને અમો આહીરના દર્શનની ઈચ્છા થઇ તે નવાઇ છે. વળી જ્યા શ્રીકૃષ્ણજી અમારી પાસે બિરાજતા ત્યારે તો અમારામાં કંઈ પણ રૂપ હતું. અત્યારે તો આ ચામડી લબડી રહી છે, ને હાડકાં માળો છે. અમારું રૂપ તો એ નંદકુંવર સાથે ગયું, આમ છત મહારાણીજીની ઈચ્છા હોય તો ભલે ગમે ત્યારે પધારે"

સખી નમન કરી ચાલી. તેણે આવીને રુકમણિજીને કહ્યું "ભલે પધારો." અહિં શ્રીરાધાજીએ વિચાર કર્યો કે, રુકમણિજી દ્વારકાનાં મહારાણી છે તેમને લાયક આ તંબૂમાં કંઇ પણ નથ તેથી પોતાની ઇચ્છાશકિત– (ચિત્રાજી) ને આજ્ઞા કરી કે, "આ સ્થળને સર્વોત્તમ રીતે શણગારો, દ્વારકામાં પણ ન હોય તેવી રચ કરો." આજ્ઞા થતાં ચિત્રાજીએ તે સ્થળને અદ્ભુત રીતે શણગા દીધું. થોડીવારમાં રુકમણીજી પોતે આઠે પટરાણી સાથે મળી, પ રાજશાહી ઠાઠ માઠ સાથે ત્યાં પધાર્યાં. શ્રીરાધાજી સામાં આવી સૌને બહુ સન્માન સાથે અંદર પધરાવી ગયાં ઉત્તમ આસનો સર્વે બિરાજ્યાં. આ વખતે શ્રીરાધાજીના મુખ પર એટલું તેજ હતુ રુકમિણીજી વગેરે તેમની સામું જોઈ શકતાં ન હતાં. વળી આ સ્થળની રચના દ્વારકા કરતાં પણ અતિ ઉત્તમ હતી. આ બધું જો રુકમિણીજીને મનમાં વિચાર થયો કે, જો પરદેશમાં આટલા ઠાઠમાઠ રહે છે, તે પોતાના વ્રજદેશમાં કેટલો ઠાઠ રાખતાં હશે ! પ્રભુએ દિવસે, મારા મુખને શ્રીરાધાજીનાં ચરણ સાથે પણ ન સરખાવાય એ કહ્યું હતું, તે બરાબર છે. પરંતુ હવે એમનો સ્નેહ કેવો છે જોવું જોઇએ.

શ્રીરાધાજીએ તેમને સૌને અનેક વિધના રસમય, મધુર સ્વાદિ પદાર્થોથી ભોજન કરાવ્યું, સુગંધી બીડાં આપ્યાં, ઘણી મનુહાર ક

ત્યારબાદ રુકમિણીજીએ રજા માગી, અને તે જ વખતે શ્રીરાધાજીને દ્વારકા પધારવા અતિ આગ્રહ કર્યો. અને તેમના આગ્રહથી શ્રીરાધાજીએ દ્વારકા આવવાનું નિમંત્રણ કબૂલ રાખ્યું. સર્વે રજા લઈ પોતાના મુકામે આવ્યાં, ને ત્યાંથી સર્વે દ્વારકા આવ્યા ત્યારબાદ કેટલેક સમયે શ્રીરાધાજી દ્વારકા પધાર્યાં. રુકમિણીજીએ તેમનું અતિ સન્માન કર્યું. પોતે પંખો લઈવા ઢોળવા લાગ્યાં, અને છપ્પન-ભોગની રસોઇ કરી, આરોગાવી. રુકમિણીજીની ઈચ્છા હતી કે, શ્રીઠાકોરજી તેમની સાથે જુની પ્રેમમય રસીલી વાતો કરશે, તે સાંભળવા મળશે. પણ પ્રભુ તો તે દિવસે પધાર્યા જ નહિ રુકમિણીજી રાહ જોઈને થાકયાં, ને પછી પ્રભુને તેડવા ચાલ્યાં. પ્રભુ એક સ્થળે પોઢી રહ્યા હતા. ત્યાં આ પીતાંબર ખેંચી લઈ, પ્રભુને જગાડયા, અને બોલ્યાં, "જેને માટે તમને અતિશય દુઃખ થતું હતું તે શ્રીરાધાજી અહીં પધાર્યાં છે, ને તમે મલવા પણ આવ્યા નહિ ! ચાલો ચાલો !" પ્રભુ બોલ્યા, "તમે તેમની સારી રીતે સરભરા કરજો, ભૂલશો નહિ, તેમને તમે શું લેવડાવ્યું ?" રૂકમિણીજી બોલ્યાં, "અનેક પ્રકારની રસોઇ કરી જમાડયાં" પ્રભુ બોલ્યા, "માખણ દહીં, દૂધ, છાશ હતાં કે નહિ ? તે તો ગામડાની આહીર જાત એટલે તે તેમને બહુ જ પ્રિય હોય, તાજું માખણ, તાજું દહીં, તાજી છાશ તેમને બહુ ભાવે." રૂકમણીજી બોલ્યાં, તે તો કંઈ ન હતું. અત્યારે તાજું માખણ, દહીં કયાંથી મલે ?" પ્રભુ બોલ્યા, "દૂધ તો હશે ને ? તે આરોગાવો. તે વિના તેમને સંતોષ નહિ થાય." રુકમિણીજી કહે, 'આપ મલવા ચાલો, રસીલી વાતો કરો. હું દૂધ ગરમ કરી લાવું છું.'' પ્રભુ બોલ્યા, 'તે તો હંમેશા મારા રૂંવે રૂંવે છે, હું તેના વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. તેમ તે પણ મારા વિના રહી શકતાં નથી.'' રુકમિણીજી બોલ્યાં, "જૂઠું કેમ બોલો છો ? તે દિવસે તો વિયોગ દુઃખથી રડતા હતા. જો પાસે હોય તો રડો શા માટે ?'' પ્રભુ કહે છે, "તે જ લીલા." જાઓ તમે જલદી તેમને દૂધ



આરોગાવો, પછી અહીં આવો." શ્રીરુકમિણીજી દૂધમાં કેસર, ઈલાયચી, બરાસ. સુગંધી પદાર્થ નાખી, મિશ્રી પધરાવી ગરમ કરી, લઇને ચાલ્યા. શ્રીરાધાજી પાસે તેમણે દૂધ ધર્યું, અને પ્રેમથી કટોરી ભરી ભરીને આપવા લાગ્યાં, શ્રીરાધાજી આરોગતાં ગયાં. ત્યારબાદ શ્રીરુકમિણીજી તો રાજા માગી પ્રભુ પાસે આવ્યાં.

પ્રભુ પાસે આવી, શ્રીરુકમિણીજી પ્રભુના ચરણ ચાંપવા બેઠાં, તો જોયું કે ચરણમાં ફોલ્લા ઉઠયા છે. આ જોતાં તે ગભરાઈને બોલ્યાં, "મહારાજ, આ શું ?" પ્રભુ બોલ્યા, તમારી સેવાની ખામી, તમે ઉનું ઉનું દૂધ શ્રીરાધાજીને આરોગાવ્યું તેથી મારા પગે ફોલ્લા થયા. કારણકે, હું તેમના હૃદયમાં છું. હવે તમારા મનનો સંશય ગયો ? છતાં, વધારે ખાત્રી કરવી હોય તો જાઓ શ્રી રાધાજી પાસે."

શ્રીરુકમિણીજી શ્રીરાધાજી પાસે આવીને જુવે છે તો શ્રીરાધાજી પલંગ પર પોઢયાં છે અને ઠંડો ઉપચાર હૃદય પર કરી રહ્યાં છે. શ્રીરુકમિણીજીએ આમ કરવાનું કારણ પૂછતાં શ્રીરાધાજીએ કહ્યું, "બહેન ! થોડા વખત પર તમે મને દૂધ આપી ગયાં તે ઘણું ગરમ હતું, પણ તમારા પ્રેમને વશ હું તે પી ગઈ; પણ મારા હૃદયમાં સદા શ્રીઠાકોરજી બિરાજે છે, તેમના ચરણમાં આ ગરમ દૂધથી ફોલ્લા ઉઠયા. હવે તેની શાંતિ માટે હું આ ઠંડા ઉપચાર કરી રહી છું." શ્રીરુકમિણીજી તો આ પ્રેમની વાતોથી સ્તબ્ધ થઈ ગયાં. પ્રભુ પાસે આવી, જુવે છે તો આપશ્રીના ચરણોમાંથી ફોડલા બેસી ગયા છે

પ્રેમની આ પરિસીમાં જોઈને શ્રીરુકમિણીજી ચકિત થઈ ગયાં. નેત્રમાં પ્રેમનાં અશ્રુ આવી ગયાં. પોતાને ખાતરી થઈ કે **શ્રીરાધાજી રૂપમાં, તેમ જ પ્રેમમાં સર્વ રીતે પોતાના કરતાં ઉત્તમ જ છે.** તેવા પ્રેમીને પ્રભુ કેમ ભૂલે ? આખું વ્રજ આવું જ હશે, એટલે પ્રભુને વ્રજ યાદ આવે તેમાં શી નવાઈ ! ધન્ય છે વ્રજને તથા વ્રજનાં નિવાસીને ! મનથી શ્રીરુકમિણીજીએ સૌ વ્રજજનોને સાષ્ટાંગ દંડવત કરી લીધા.

---

 તલૈયાજા લીલા

## (૧૩) ગોપી તલૈયાની લીલા.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર દ્વારકામાં રહે છે રાજ્યનાં અનેક કાર્યમાં મશગૂલ રહે છે. આઠ પટરાણી તથા બીજા રાણી ગણો એમની સેવા કરે છે. છતાં જરા નિવૃત્ત થતાં આપશ્રીના વ્રજને, તેના સુખને, ગોપીસ્નેહને વારંવાર યાદ કરી, નિઃશ્વાસ મૂકે છે અને વખાણ કરે છે; આંખમાં પ્રેમનાં અશ્રુ પણ આવી જાય છે. શ્રીરુકમિણીજી વગેરે પટરાણીઓને આ જોઈ તાજુબી લાગે છે. કોઈવાર પ્રત્યક્ષ પૂછે છે કે શું અમારા કરતાં તેમનો પ્રેમ અધિક છે ? અમારા કરતાં તે વધારે ચતુર છે ? અમે સર્વે આપની આજ્ઞા પ્રમાણે ચાલીએ છીએ તો પછી અમારામાં શું ખામી છે ? આમ છતાં, પ્રભુને તો વ્રજસુખ વારંવાર સાંભરે છે, અને આંખમાં અશ્રુ આવી જાય છે.

એક સમયે પ્રભુ વ્રજજનો વગેરેને સંભારી અશ્રુપાત કરતા બોલવા લાગ્યા "હે ગોપીઓ ! હું તમારો સદા ઋણી છું. એ શરદની રાત્રી, એ રાસલીલા, એ યમુના, એ બંસીબટ, એ શરદનો ચંદ્રમા હવે ફરી મને કયાં મળશે ? એ તો સ્વપ્નવત્ જતું રહ્યું, એ સુખ આગળ ચૌદે લોકનું સુખ નકામું તુચ્છ છે. હે ગોપીજનો ! તમારા પ્રેમની અવધિ છે. મારી બંસી સાંભળીને રાત હોવા છતાં પણ તમે પતિ, પુત્ર, ઘરબાર વગેરે તજીને ઉન્મત્તની માફક મારી પાસે વનમાં દોડી આવ્યાં. તમે લોકની તથા કુળની લાજ પણ તણખલાની પેઠે તોડી નાખી ધન્ય છે તમને ! મેં તમને ઘેર પાછા જવા માટે ધર્મબોધ કર્યો, પણ મારા પ્રેમને વશ થઈ તમે પાછાં ન ગયાં. ધન્ય છે તમારા શુદ્ધ પ્રેમને !" શ્રીરુકમિણીજી વગેરે બોલી ઉઠયાં "તમને આ શું ગાંડપણ વળગ્યું છે ? અમે તેમના કરતાં વધારે પ્રેમની કસોટીમાં ઉતરીશું નહિ અમે તો પરણેલી તમારી રાણીઓ છીએ, તમને કોનો ડર છે ? આપ જ્યાં બોલાવશો ત્યાં ગમે તે સમયે અમો આવીશું. વળી આપ રાસની વાત કરો છો, પણ રાસ પણ તેમના કરતાંએ



અમે ઉત્તમ કરીશું. આપ કસોટી કરી જોશો, તો ખાતરી થશે." પ્રભુ બોલ્યા, "તમારાથી તે નહિ બને, તેમની કક્ષામાં અને તમારી કક્ષામાં બહુ ફેર છે. તમે રાણીઓ ઓઝલ પડદામાં રહેનારી ને તેઓ ઘેર ઘેર દહીં વેચનારી." શ્રી રુકમિણીજી કહે, તેથી તો કહું છું કે, અમે રાજકુંવરીઓ જેટલી ચતુરાઈ તેમનામાં કયાંથી હોય ? તમે પરીક્ષા કરશો તો ખાત્રી થશે." પ્રભુ બોલ્યા, "ઠીક જોઈશું."

પછી એક સમયે પૂર્ણિમાની રાત્રી પ્રકાશી રહી છે તે સમયે પ્રભુ દ્વારકાથી ચાલીને થોડે દૂર ગોપી તલૈયામાં આવ્યા. અને નટવર વેશ ધારણ કરી બંસી બજાવી. બંસીનો નાદ સાંભળીને શ્રીરુકમિણીજી વગેરે આઠે પટરાણી તથા બીજી સર્વે રાણીઓ બની ઠનીને રાસનું તેડું સમજી ચાલી. પોતાના પતિનો બંસીનાદ સુણી અતિ આતુરતાથી ચાલી, પરંતુ થોડેક જતાં જ રસ્તામાં ચોતરા પર, વસુદેવ ઉગ્રસેન વગેરે મોટેરાઓને બેઠેલા જોયા. એક તો રાતનો વખત ને વળી ગુરુજનોની હાજરી ! તેથી લાગ્યું કે, આપણને પૂછશે તો શો જવાબ આપીશું ? કંઈ સૂઝયું નહિ એટલે બધાં લોકલાજથી પાછા વળી, મહેલમાં પેસી ગયાં, કોઈ જઈ શકી નહિ પ્રભુની બંસી ખાલી જાય નહિ. રાણીઓ તો જઈ શકી નહિ, પરંતુ બંસીનાદ ઠેઠ ગોકુલ પહોંચ્યો. વ્રજનાં ગોપીજનોનાં મન બંસીનાદ અને તેમાં આવતા રાસના સંદેશાને સમજી ગયાં. માંહો માંહો કહેવા લાગ્યાં "પ્રભુ રાસ માટે યાદ કરે છે. ચાલો પ્રાણપ્યારા સાથે રાસ રમવા" ગોપીજનોનાં અનેક યૂથ પ્રભુના પ્રેમયોગ બળે કોઈ મહાન સિદ્ધની સિદ્ધિ પ્રાપ્ત કરીને ઠેઠ દ્વારકા ધસી આવ્યાં, અને અદ્ભુત રાસ કર્યો પ્રભાતે પ્રભુ દ્વારકા પધાર્યા, સર્વ રાણીઓને કહ્યું, "તમે રાત્રે બંસી સાંભળી નહિ હોય ! સાંભળી હોય તો આવ્યા વિના રહો નહિ, તમે ઉંઘી ગયાં હશો !" પ્રભુના આ મર્મ વચન સાંભળી શ્રીરુકમિણીજી કહે, 'મહારાજ ! સાંભળી તો હતી, અને શણગાર સજીને નીકળ્યાં પણ હતાં, પરંતુ થોડે ગયાં તો ચોતરા ઉપર ઉગ્રસેન દાદા, વસુદેવ પિતા વગેરે વડિલજનો બેઠેલાં

હતા. અમે કેવી રીતે આવીએ ! તેથી શરમાઈને પાછાં ફર્યાં. કેમકે વડિલો મોડી રાતે બહાર નીકળતાં જોઈ, કારણ પૂછે તો શો જવાબ દઈએ ?" પ્રભુ કહે, "મેં પ્રથમ જ કહ્યું હતું કે, તમે ઓઝલ પડદે રહેનારી રાણીઓ છો, તમારાથી લોકલાજ, કૂળલાજ ના છોડાય." શ્રીરુકમિણીજી બોલ્યાં, "આપનો સંકલ્પ નિષ્ફળ ગયો હશે, પણ અમે લાચાર છીએ, ક્ષમા માગીએ છીએ." પ્રભુ બોલ્યા, 'મારો સંકલ્પ કોઈપણ વખતે નિષ્ફળ જતો નથી. માટે તો લોક મને સત્યસંકલ્પ કહે છે. તમે તો ના આવી શક્યાં પણ વ્રજનાં ગોપીજનોનાં યૂથને યૂથ ધસી આવ્યાં, અને રાસ કર્યો." શ્રીરુકમિણીજી કહે 'મહારાજ! જૂઠું શા માટે બોલો છો ? ક્યાં વ્રજને ક્યાં દ્વારકા ! એટલે દૂર શી રીતે આવી શકાય !" પ્રભુ કહે, 'ના માનો તો ચાલો પ્રત્યક્ષ નજરે જુઓ, આજ રાત્રે ફરી બંસી બજાવીશ. તમે આવજો, ને જોજો. પ્રભુએ રાત્રે ફરી બંસી બજાવી. શ્રીરુકમિણીજી વગેરે સર્વે રાણીઓ બની ઠનીને પહોંચી ગઇ ને પ્રભુને મલી શ્રીરુકમિણીજી બોલ્યા, "પ્રભુ ગોપીઓ તો કંઈ દેખાતી નથી." પ્રભુ બોલ્યાં, "જુઓ, સાંભળો, તેઓ દોડતાં આવે છે. પવનવેગે આવે છે, તેમના આવવાનો સુસવાટો પવન જેવો સંભળાય છે. આમ વાત કરે છે, ત્યાં તો ગોપીઓનાં ઝુંડને ઝુંડ દોડી આવ્યાં. શ્રીરુકમિણીજી વગેરે તાજુબ થઈ ગયાં. આજે ગોપીજનો બેસીને રાસ જુએ છે, ને શ્રીરુકમિણીજી વગેરે રાસ રમે છે. રાસ પૂરો થતાં શ્રીરુકમિણીજી બોલ્યાં, "નાથ, રાસ કેવો રમ્યાં ?" પ્રભુ કહે, "બહુ સારો રમ્યા" શ્રીરુકમિણીજી કહે, "ગોપીજનો જેવો કે તેથી સારો." પ્રભુ કહે, તે તો શ્રીરાધાજીને પૂછો." શ્રીરુકમિણીજી શ્રીરાધાજીને વિનંતિ કરી પૂછવા લાગ્યાં. "બહેન ! સાચું કહો, અમારો રાસ કેવો લાગ્યો ?" શ્રીરાધાજી કહે, 'પટરાણીઓના રાસમાં શું ખામી હોય ! બહુ સારો," શ્રીરુકમિણીજી બોલ્યાં, "જુઓ. સાંભળો મહારાજ !" પ્રભુ બોલ્યા, "તે તો તમને સારું લગાડવા કહે છે, કંઈ પોતાના રાસ કરતાં ઉત્તમ કહેનાં નથી, તેમ તેના જેવો પણ કહેતાં નથી," ફરીથી શ્રીરુકમિણીજીએ પૂછ્યું. "બહેન સાચું કહો."



શ્રીરુકમિણીજીને તો ખાતરી હતી કે પોતાનો રાસ સર્વોત્તમ થયો છે. શ્રીરાધાજી કહે, 'જુઓ તમે આગ્રહ કરો છો તો સાચું કહું છું કે આ રાસમાં મને કંઈપણ રસ પડ્યો નથી, નથી શ્રીયમુનાજીનો મનોહર તટ, નથી બંસીબટ, નથી ગિરિરાજ કે નથી નિષ્કલંક ઉડુગણરાજ ! આવા લુખા રાસમાં શી મઝા આવે ! વળી તમારા રાસમાં, નથી દેવતા જોવા આવ્યા, નથી ગંધર્વો, નથી અપ્સરાઓ, નથી મુનિયો, નથી બ્રહ્મા, નથી મહાદેવ. એ દેવો જ્યારે વખાણ કરે ત્યારે રાસ રમાયો કહેવાય !" શ્રીરુકમિણીજીનો ગર્વ ઉતરી ગયો. પ્રેમમાં તેમજ ચતુરાઈમાં ગોપીજનો પોતાના કરતાં ઉત્તમ ઠર્યો છતાં મનમાં લાગ્યું કે, તેમના રાસમાં દેવો આવ્યા હશે ! કદાચ મને સમજાવવા પણ કહેતાં હોય, તેથી આગ્રહ ભરી વિનંતીથી શ્રીરાધાજીને રાસ માટે કહ્યું. શ્રીરાધાજી કહે અમે તો પ્રભુની આજ્ઞાને વશ છીએ

## (૧૪) સાંઝીની ભાવના.

એક સમયે શ્રીસ્વામિનીજી ફરતાં ફરતાં ચંદ્રાવલીજીને ત્યાં જઈ ચઢ્યાં. તે વખતે ચંદ્રાવલી સાંઝી પૂરતા હતાં. શ્રીસ્વામિનીજીએ પૂછ્યું, "બહેન આ શું કરો છો ?" ચંદ્રાવલી બોલી, "હે પ્રાણ પ્યારી ! હું સાંઝી પૂરું છું. પછી તેની પૂજા કરીશ, આ વ્રત આપણા માટે અતિ ઉત્તમ છે." શ્રીરાધાજી બોલ્યાં, "આ વ્રત કરવાથી શો લાભ ? શું (ફળ) મળે ?" ચંદ્રાવલી બોલી, સારું ઘર મલે, ડાહી સાસુ તથા ડાહ્યો સસરો મલે, મનગમતો પતિ મલે, પૈસા મલે, ગૃહસ્થીના સર્વ સુખ મલે. પતિ આપણા કહ્યામાં રહે, અને જીંદગી આનંદમાં જાય, કહો બહેન ! કેવું ઉત્તમ વ્રત છે ?" શ્રી રાધાજી બોલ્યા, "અતિ ઉત્તમ વ્રત છે, હું પણ મારી માતાની રજા લઈ આ વ્રત કરીશ."

હવે શ્રી રાધાજી પોતાને સદન આવ્યા ને માતા કીર્તિજીને બધી વાત કરી. માતાએ કહ્યું, "ભલે વ્રત કરો," બીજે દિવસે બધી સખીઓ ભેગી થઈ, અને દરેકે તે વ્રત કરવા નક્કી કર્યું. સૌ

સખીઓ ભેળી થઈ શ્રીયમુનાજી નાહવા ચાલી. ગાતી ગાતી આનંદ કરતી શ્રીયમુનાજી પર આવી, ત્યાં સ્નાન કર્યું. પછી કેટલીક સખીઓ ફૂલ વીણવા ચાલી, ને કેટલીક સખીઓ શ્રી રાધાજી સાથે ઘેર આવી.

ફૂલ વીણીને પાછી આવતી સખીઓને માર્ગમાં પ્રભુ મલ્યા, ને તેમણે ચંદ્રાવલીજીને પૂછ્યું, "હે સખી ! કયાં ગઈ હતી ? શું લાવી ?" ચંદ્રાવલી બોલી, આ "આ તો ફૂલ છે, અમે સરખી સખીઓએ સાંઝીનું વ્રત કર્યું છે, તેના પૂજન માટે અમે ફૂલ લાવ્યાં છીએ. શ્રીરાધાજી પણ આ વ્રતમાં સામેલ છે." પ્રભુ બોલ્યા, "તમારા વ્રતમાં આનંદ લેવા હું આવું ?" ચંદ્રાવલી બોલી, "મહારાજ ! ત્યાં તો સખીઓ જ હોય. પુરુષ કોઈએ ન હોય." ચંદ્રાવલીજી એટલું કહી ચાલી ગઈ શ્રીઠાકોરજી સમજી ગયા કે, ચંદ્રાવલીએ પોતાને આવવા ના કહી નથી, પણ ઉદાહરણ આપી સ્ત્રી રૂપે આવવા કહ્યું છે. તે પછી પ્રભુ એક સુંદર નવલકિશોરી બન્યા, પોતે સોળે શણગાર સજી લીધા અને ફૂલના સોળે શણગાર બનાવી તે તથા છૂટાં ફૂલ મોટા ટોપલામાં ભરી, રેશમી વસ્ત્રથી ઢાંકી, માથે લઈ, માલણ વેશે બરસાને પધાર્યાં, ત્યાં આવી ગલી ગલીમાં સુંદર લાંબા રાગથી બોલતા ચાલ્યા, "કોઈ ફૂલ લ્યો, ફૂલ કે શણગાર લ્યો સોખીન જીવડા જીવનકો લહાવો લ્યો. મેરે ફૂલ અનોખે, શણગાર અનોખે. હો રસિક જીવડા જીવનકો લહાવો લ્યો."

કોઈ ઓળખી નહિ જાય માટે લાંબો ઘૂમટો પણ તાણ્યો છે, ને ગલીએ ગલીએ સુંદર રાગથી પોકારતા માલણ વેશે પ્રભુ શ્રીરાધાજીની પોરીમાં આવ્યા. બાદ સાંભળી શ્રીરાધાજી બોલ્યાં, "હે સખી ! જા, જો તો ખરી કોણ ફૂલ લઈ આવ્યું છે ? રાગ તો સુંદર છે." લલિતા બહાર આવી જુએ છે તો અનોખી માલણ દીઠી. લલિતા બોલી, "હે માલણ ! આમ આવો. મારા શ્રીસ્વામિનીજી તમારા ફૂલ તથા શણગાર સર્વે ખરીદી લેશે તેમની પાસે ચાલો." માલણ બોલી,



"બહેન ! આ ગામમાં રસિક કોઈ નથી, મારું એક પણ ફૂલ ખપ્યું નથી. આજે મારો બધો દિવસ નકામો ગયો, હવે તમારા શ્રીસ્વામિનીજી શું લેવાના હતાં ? વખત થોડો છે, ને ગામ દૂર છે, માટે હું તો પાછી ઘેર જાઉં છું." લલિતાજી કહે, "હે સુંદર અનોખી માલણ ! તમારો આખા દિવસનો શ્રમ સફળ થશે. મારા શ્રીસ્વામિનીજી ફૂલ શણગારના બડા રસિયા છે, તમારાં બધા શણગાર લઈ લેશે, માટે તમે મારા શ્રીસ્વામિનીજી પાસે જરૂર ચાલો, હું તમારા બધા શણગાર ખપાવી દઈશ કહો મને દલાલી શું આપશો ?" પ્રભુ બોલ્યા. "તું માગીશ તે આપીશ.

લલિતા આગળ અને પાછળ માલણ વેષે પ્રભુ ચાલ્યા. શ્રીરાધાજી એક સુંદર આસન પર બિરાજ્યા હતાં. તેમના સમક્ષ માલણ વેષે પ્રભુ હાજર થયા.

**શ્રીરાધાજી :** હે માલણ તમારું નામ શું ? કયા ગામમાં રહો છો ? તમારાં માતા–પિતા કોણ છે ? તમારા જેવી સુંદર માલણ હજુ સુધી મેં કયાંય પણ દીઠી નથી.

**માલણ :** મારું નામ શ્યામા છે નંદગામમાં રહું છું. મારી માતા ભક્તિ છે ને પિતાનું નામ પરમાનંદ માલી છે.

નંદગામની માલણ જાણી શ્રીરાધાજીને બહુ જ હરખ થયો. પછી એક સુંદર રેશમી કપડા પર અનોખી માલણે સર્વ શણગાર હારબંધ ધરી દીધા. શ્રીરાધાજી શણગાર જોઈ ખુશ ખુશ થઈ ગયાં. એક એકથી ઉમદા શણગાર ગૂંથેલા છે.

**શ્રીરાધાજી :** હે બહેન ! આ શણગાર તમે ગૂંથ્યા છે કે બીજા કોઈએ ?

**માલણ :** મેં જ ગૂંથ્યા છે, તમારે જે લેવા હોય તે જલદી લઈ લો મારે ઘેર જવાનું મોડું થાય છે, મારી સાસુ તથા મારા પતિ વઢશે, માટે જલદી કરો. મારે બહુ દૂર જવાનું છે.

**શ્રીરાધાજી :** આજની રાત તો તમે અહીં જ રહી જાઓ, તમારા બધા શણગાર મેં લઈ લીધા, તેના બદલામાં તમારે ફરીને ફૂલ વેચવા આવવું નહિ પડે તેટલું અઢળક ધન આપીશ. નીરાંતે બેસો. આજની રાત અહીં જ રહો, સવારે જજો.

**માલણ :** મારી સાસુની તથા પતિની રજા વગર હું આવી છું માટે મારાથી રહેવાય નહિ. મને વઢે. હું તમારા ગુણગાન બહુ દિવસથી સાંભળતી હતી, તેથી તમારા દર્શન માટે જ ફૂલ વેચવાના નિમિત્તે આવી છું હું કંઇ પૈસાની ભૂખી નથી. પ્રેમની ભૂખી છું. તમારો પ્રેમ મને અહીં લઇ આવ્યો છે.

**ચંદ્રાવલી :** અરે માલણ ઘેર ઘેર ફૂલ વેચે છે અને પૈસાની ભૂખી નથી એમ કહે છે તે કેમ બને? મારા શ્રીસ્વામિનીજી તમને અઢળક ધન આપે છે. તો પણ ઉતાવળ શા માટે કરો છો? એક રાત રહી જાઓ.

આ વાત ચાલતી હતી તેટલામાં કીર્તિજી ત્યાં આવી ચઢયાં. તેમણે પૂછયું, "હે રાધા આ માલણ કોણ છે? કયાંથી આવી છે?"

**શ્રીરાધાજી :** હે વહાલી માતા, આ માલણ નંદગામની છે. જુઓને કેટલા સુંદર શણગાર બનાવ્યા છે, હદ કરી છે. તેને આજની રાત તેને રહેવા કહું છું પણ ના પાડે છે.

**કીર્તિજી :** નંદરાયની માલણને એમ જવા ના દેવાય. (માલણને) તમારે રાત રહેવું જ પડશે (ચાલ્યા જાય છે.)

**શ્રીરાધાજી :** હવે તમારાથી નહિ જવાય. રાણીજીની આજ્ઞા માનવી પડશે.

**માલણ :** પ્રભુ ઈચ્છા હવે ભલે મને ઘેર ઠપકો મલશે તો પણ સહીશ. લાચાર છું, રાણીજીની આજ્ઞા મારે પાળવી જ જોઇએ



**શ્રીરાધાજી :** હે માલણ! તમને શણગાર કરતાં આવડે છે ને?

**માલણ :** હા જી. સરસ શણગાર કરી આપીશ.

પછી એક ઓરડામાં શ્રીરાધાજી માલણ તથા લલિતા ત્રણ જણ બેઠાં અને શ્રીરાધાજીને ફૂલના શણગાર એવા તો કર્યા કે શ્રીરાધાજી ખુશ ખુશ થઈ ગયાં.

**શ્રીરાધાજી :** તમને સાંઝી પૂરતાં આવડે છે?

**માલણ :** હા, સરસ સાંઝી પૂરી આપું. પછી ભીંતને ચંદનની ગારથી લીંપીને સુંદર ફૂલ ગૂથીને ઉત્તમોત્તમ સાંઝી પૂરી દીધી.

શ્રીરાધાજી તથા તેમની સર્વ સખીઓ ખુશ ખુશ થઈ ગયાં. ત્યારબાદ સર્વ સખીઓએ સાંઝી પૂજન કર્યું. તથા ભોગ ધર્યો. થોડીવાર પછી પ્રસાદ બાંટયો, ને સર્વ સખીજનો શ્રીરાધાજીના આજ્ઞા લઈ, વિદાય થયાં. હવે લલિતા, શ્રીરાધાજી તથા માલણ એ ત્રણ જણ રહ્યાં. એક ઓરડામાં ત્રણેની શૈય્યા કરી. વચ્ચે માલણ, એક બાજુએ શ્રીરાધાજી, બીજી બાજુએ લલિતાજી એમ ત્રણ પોઢાયાં. શ્રીરાધાજી કહે, "હે સખી એક વાત કહો" માલણ બોલી, "તમે કહો." શ્રીરાધાજી કહે, "અમને તે શું આવડે? તમે સરસ વાત કહો. ઉંઘ આવતી નથી. માટે કહો." માલણ કહે, "હું વાત કહું તેનો ઉત્તર આપો તો વાત કહું." શ્રીરાધાજી કહે, "આવડશે તો જરૂર ઉત્તર આપીશ,

**માલણ :**

( દોહો )

છ પગ દો મુખ, તીન નેત્ર હૈ, જાકો જીભ જ એક;<br>
તે જીવ કોન જાનીએ, બોલો સુજાન ધરી ટેક.

શ્રીસ્વામિનીજીએ ઘણો વિચાર કર્યો, પણ ઉત્તર સૂઝયો નહિ ત્યા બોલ્યાં, "તમે કહો, મને ગમ પડતી નથી." માલણ કહે, "હાર્યાં કહો તો કહું." ત્યારે શ્રીરાધાજી કહે, "હાર્યાં કેમ કહેવાય?" ત્યાં

માલણ કહે, "હાર્યા ના કહો તો ઉત્તર આપો, નહીં તો હાર્યા કબૂલ કરો" છેવટે શ્રીરાધાજીએ હાર કબૂલ કરી. માલણ કહે, 'હોડકા પર બેઠેલા શુક્રાચાર્યજી એ ઉત્તર છે'

**વળી,**

( દોહો )

પેટ ચીરીને જલમાં રહ્યો, હલકું તેનું નામ,
લક્ષ્મી જેની બહેન છે, બોલો સુંદીર વામ ?

રાધાજીએ બહુ વિચાર કર્યો પણ ઉત્તર જડયો નહિ, છેવટે બીજી વખતે પણ થાકીને હાર કબૂલ કરી માલણ કહે 'તે તો શંખ છે.'

હવે માલણરૂપ પ્રભુથી વધારે વાર ગુપ્ત રહી શકાયું નહિ. શ્રીરાધાજીને ભેટવાની ઉત્કંઠા વધી અને તેથી વિરહ વેદનામાં બેશુદ્ધ થઈ શૈય્યામાંથી નીચે પડી ગયા. શ્રીરાધાજી ગભરાયાં, બોલ્યાં, 'એકદમ આ શું થયું ? ઉઠ, ઉઠ લલિતા ! જો તો ખરી." લલિતાએ સર્વ શરીર ઉપર હાથ ફેરવ્યો તો છાતીના ભાગમાં કંઈ જણાયું, ને શ્રીરાધાજીને બોલાવ્યાં. શ્રીરાધાજી તુરત ઉઠયાં અને તપાસ્યું તો ચોળીની અંદર વેણુ માલૂમ પડી તુરત જ ખાત્રી થઈ કે આ તો માલણ રૂપમાં શ્રીઠાકોરજી પધાર્યા છે. તુરત જ પ્રભુને પલંગમાં સુવાડી સારવાર કરવા લગ્યાં. પ્રભુને કેટલીક વારે ભાન આવ્યું, અહીં શ્રીરાધાજી તો રડવા જ લાગ્યાં હતાં કે, પ્રભુને મારે માટે આટલો બધો પરિશ્રમ લેવો પડયો તે માટે પોતે ક્ષમા માગવા લાગ્યાં, શ્રીરાધાજી બોલ્યા, "હે નાથ આપ આટલો બધો પરિશ્રમ શા માટે લ્યો છો ?" શ્રીઠાકોરજી કહે, તમારી સખી ચંદ્રાવલીએ સાંઝી ખેલમાં પુરુષને આવવા ના પાડી તેથી માલણરૂપ ધરવું પડયું. વળી તમે મારા વિના સાંઝી પૂજો પણ નહિ, તે માટે હું આવ્યો." શ્રીઠાકોરજીએ તે રાત્રે અનેક સ્વરૂપે અનેક ગોપીજનોને ત્યાં પધારી, આનંદ રસનું પાન કરી, સવારે નંદગામ જવા નીકળ્યા. વિરહદશામાં માતા જશોદા શોધતાં શોધતાં સામાં મળ્યાં, પ્રભુને પ્રેમથી ગોદમાં



લઈ લીધા, ચુંબન કર્યું, અને પ્રેમથી પૂછવા લાગ્યાં. "હે લાલા ! તું રાત કયાં રહ્યો ?"

**પ્રભુ :** માતા ! એક ગાય ગિરિરાજ તરફ ગઈ હતી, તેની પાછળ હું ગયો, અને ગિરિરાજનો આગ્રહ જોઇ રાત ત્યાં રહ્યો હતો. માતા મારી ફિકર તમારે કરવી નહિ નંદબાબાના રાજમાં શી ફિકર હોય !

---

## (૧૫) હીંડોળા લીલા

હીંડોળા નંદરાયજીને ત્યાં બાલભાવથી કુમારિકાઓ માતૃચરણની આજ્ઞાથી ઝુલાવે છે. ત્યાં શ્રીરાધાજી, વિશાખાજી, લલિતાજી વગેરે સખી પણ નંદરાયજીને ત્યાં આવે છે, અને બાલભાવથી સર્વ પ્રભુને ઝુલાવે છે કુંજસદનમાં કિશોર ભાવથી વ્રજભક્તો ઝુલાવે છે વળી બરસાને શ્રીરાધાજી પોતાની સખીઓ સાથે ઝૂલે છે. એક વખત લલિતાજી વગેરે સખીઓએ યમુનાને કિનારે કદમ વૃક્ષની ડાળે હીંડોળો બાંધ્યો છે. ને લતાપતાથી સુંદર રીતે શણગાર્યો છે. તેટલામાં ફરતા ફરતા શ્રીઠાકોરજી આવી ચડે છે. ને પૂછે છે. 'આ શી લીલા કરો છો ?" લલિતાજી કહે, "મહારાજ ! હીંડોળો રચ્યો છે ત્યાં અમે સર્વ સખીઓ ઝૂલીશું." પ્રભુ બોલ્યા, 'મને એ લીલાનો આનંદ આપશો કે કેમ ?" લલીતા કહે, "પ્રભુ આ તો સર્વ સખીજનો છે. ત્યાં આપ કેવી રીતે આવી શકો ? લાચાર છીએ." પ્રભુ ચાલ્યા ગયા, હીંડોળો તૈયાર થઇ ગયો, ને શ્રીસ્વામિનીજીને પધરાવી સખીઓ ઝૂલાવવા લાગી.

આનંદ ગીત ગવાઈ રહ્યાં છે, વિવિધ પ્રકારની રાગરાગણી તથા વાજિંત્ર પણ વાગી રહ્યાં છે શ્રીરાધાજી ઝૂલે છે, પણ મનમાં પુષ્કળ આતુરતા છે કે જો શ્રીઠાકોરજી પધારે તો ઘણો આનંદ આવે. પ્રભુ તો ઘટઘટના વ્યાપી છે. ભક્તના મનોરથ પૂરનાર છે શ્રીરાધાજીના

મનના મનોરથ પૂરવા માટે પોતે એક સુંદર સુંદરીના રૂપમાં સજ્જ થઇ શ્રીયમુનાજીના સામે કિનારે હીંડોળાની બરાબર સામે આવી ઉભા રહ્યા ઝૂલતાં ઝૂલતાં શ્રીરાધાજીની દષ્ટિ ત્યાં પડી. સુંદર કોઈ સખીજનને જોઈ લલિતાજીને આજ્ઞા કરી, "હે લલિતા ! નાવ લઇને જા. અને પેલી સુંદર સખીને તેડી લાવ લલિતા નાવડી લઈ ચાલી અને વિનંતિ કરી, શ્રીરાધાજીની આજ્ઞા પ્રમાણે તે સુંદરીને પધરાવી લાવી. લલિતા રૂપ જોઇને ચકિત થઇ ગઈ. બન્ને નાવમાંથી ઉતરી શ્રીરાધાજી પાસે આવ્યાં. શ્રીરાધાજીએ સત્કાર કરી હીંડોળે બેસવા કહ્યું

સખી રૂપે પ્રભુ બોલ્યા, "હું તમારી સાથે નહિ બેસું, પણ જો આપની ઈચ્છા હોય તો તમારા સામે જ મારો હીંડોળો બંધાવો, તો તેમાં બેસી તમને હીંચકા નાંખવાનો લહાવો લઉં, બહુ આનંદ આવશે" શ્રીરાધાજીને આ લીલા ગમી, અને તુરત જ બીજો હીંડોળો તૈયાર કરાવ્યો પ્રભુ તેમાં બિરાજી શ્રીરાધાજીને હીંચકા નાખવા લાગ્યા. ધીમેધીમેથી શરૂ કરી આસ્તે આસ્તે હીંડોળાનો વેગ વધતો ગયો. શ્રીરાધાજી ગભરાવા લાગ્યાં. અને આ નવી સખીને "રાખ, રાખ," કહેવા લાગ્યાં. સખી કહે, "અરે પ્યારી શા માટે ગભરાઓ છો ! હીંડોળાની તો આવી જ મજા છે," હીંડોળાનો વેગ અતિશય વધ્યો. શ્રીરાધાજી તે સહન કરી શકયાં નહિ. અને તેથી અતિશય ગભરાયાં, સખી રૂપ પ્રભુ તુરત જ પોતાના હીંડોળામાંથી શ્રીરાધાજીના હીંડોળે પધાર્યા. અને શ્રીરાધાજીને અંકમાં લઈ ચુંબન કર્યું. પ્રભુનો સ્પર્શ થતાં જ શ્રીરાધાજી એમને ઓળખી ગયાં, અને પ્રભુને અંકમાં લઇ અનેક રસદાન લીલા કરી. કોઈ વખતે યુગલ સ્વરૂપને સખીઓ ઝુલાવે છે તો કોઈ વખત સખીઓને પ્રભુ ઝુલાવે છે. તો કોઈક વખત પ્રભુ શ્રીરાધાજીને ઝુલાવે છે, તો કોઈ વખત શ્રીરાધાજી શ્રીઠાકોરજીને ઝુલાવે છે, આમ પ્રભુ અનેક પ્રકારની આનંદ લીલા કરે છે.

---



## (૧૬) નવરાત્રી તથા દશેરાની લીલા.

નવરાત્રી એટલે આસો સુદી ૧ થી આસો સુદી ૧૦ સુધીની આ લીલા છે. વ્રજભકતો પ્રભુ મિલન અર્થે આ લીલા કરે છે. એક સમયે પ્રભુના વિરહમાં શ્રીસ્વામિનીજી અતિ આકુળ–વ્યાકુળ થયાં છે. તે સમયે ચંદ્રાવલીજી કહે, "બહેન ! તું આ નવરાત્રીના ઉપવાસ કર અને પૂજન કર તો તને દશેરાને દિવસે જરૂર પ્રભુ મલશે." ચંદ્રાવલીજીના કહેવાથી શ્રીરાધાજીએ તેમજ સખીજનોએ તે વ્રત કર્યું. સુદી ૧ ને દિવસે જવારા વાવ્યા દરેકે દશ માટીના વાસણમાં જૂદા જૂદા જવારા વાવ્યા. પ્રતિદિન નવીન અંકુર ફુટે છે. તેથી નિત્ય સામગ્રી નવીન રાજભોગમાં આવે છે. નવ ભકતો અને દશમા નિર્ગુણ ભકતના ભાવથી આ લીલા છે. ચંદ્રાવલીજીએ શ્રીરાધાજીને આ સલાહ આપ્યા પછી, શ્રીઠાકોરજીને મલ્યાં, અને કહ્યું કે હે પ્રભુ શ્રીસ્વામિનીજી તો વિરહમાં ઝૂર્યા કરે છે, અને તમે તો ખબર પણ લેતા નથી પ્રભુ બોલ્યાં, 'તમો કહો કયારે આવું." ચંદ્રાવલી કહે, "મહારાજ, તમારા બોલ્યાનું ઠેકાણું કયાં છે ? બોલો છો કંઈ અને ચાલો છો કંઈ એટલે તમારો ભરોસો કેમ આવે ?" પ્રભુ કહે, 'અરે ચંદ્રાવલી એમ ના બોલ, હું જરૂર આવીસ." ચંદ્રાવલી કહે, 'મારે માથે હાથ મૂકી કહો કે, વિજ્યા દશમીએ આવીશ." પ્રભુએ તે પ્રમાણે ચંદ્રાવલીના માથે હાથ મૂકી આવવા કબૂલ કર્યું. ચંદ્રાવલી હરખાઈને ચાલી ગઈ. આવીને શ્રીરાધાજીને વાત કરી, "બહેન ! વિજયાદશમીએ જરૂર પ્રભુ આવશે મારે મસ્તકે હાથ મૂકયો છે માટે જરૂર પધારશે, પ્રેમથી વ્રત કરજે." શ્રીરાધા કહે, "બહેન ! વ્રત તો પ્રેમથી જ કરીશ, પણ મને ભરોસો આવતો નથી પ્રભુ તો બોલે છે કંઈ અને ચાલે છે કંઈ" ચંદ્રાવલીજી કહે, "મારે મસ્તકે હસ્ત મૂકયો છે માટે જરૂર પધારશે"

શ્રીરાધાજી તથા વ્રજભકતો નવરાત્રીનું વ્રત કરે છે. દિનપ્રતિ દિન નવીન સામગ્રી ધરે છે. નવરાત્રીને નવ વિલાસ કહે છે. નવરાત્રીનો

છેલ્લો દિવસ આવ્યો. બીજે દિવસે તો દશહરા છે. ચંદ્રાવલીજી કહે. "હે પ્યારી ! કાલે દશેરા છે. શ્રીઠાકોરજી પધારશે, તેમના સન્માન માટે યોગ્ય રચના કરજે." શ્રીરાધાજી બોલ્યાં, "હે સખી ! મને કંઈ કહેવું પડશે નહિ. સઘળી યોગ્ય ગોઠવણ કરીશ. પણ મને તે છેલનો ભરોસો નથ, આવે ત્યારે ખરા." ચંદ્રાવલીજી કહે, "જરૂર આવશે, માથે હાથ મૂક્યા પછી તો ના આવે તેમ બને નહિ." શ્રી રાધાજીએ પોતાની મુખ્ય ઈચ્છા સખીને આજ્ઞા કરી તેણે એક સુંદર વિશાળ મકાન સર્વ જાતની સામગ્રી સાથે એક રાત્રીમાં તૈયાર કરી દીધું અને શ્રીસ્વામિનીજીને તે જોવા માટે વિનંતિ કરી શ્રીસ્વામિનીજી પોતાની લલિતા, વિશાખા, ચંદ્રાવલી વગેરે સખીઓને લઈ જોવા પધાર્યાં. સર્વ સુંદર સામગ્રીથી ભરપૂર તે અલૌકિક ધામ જોઈ પોતે પ્રસન્ન થયાં, અને ઈચ્છા સખીની સરાહના કરી, પોતાને મુકામે પાછા આવ્યાં બીજે દિવસે સવારે ચંદ્રાવલીજી દહીંનું માટ લઈને શ્રી રાધાજીને કહેવા લાગ્યાં. 'હે પ્યારી હું દહીં વેચીને પાછી આવું છું. ત્યાં સુધીમાં શ્રીઠાકોરજી પણ પધારશે." શ્રીરાધાજી કહે, ભલે બહેન જા, પણ વહેલી આવજે, શ્રીઠાકોરજીનો મને પૂરો ભરોસો નથી, આવે ત્યારે ખરા." ચંદ્રાવલીજી કહે, "વિશ્વાસ રાખ જરૂર પધારશે." ચંદ્રાવલી દહીં વેચવા ગઈ, અહીં રાધાજી પ્રભુ પધારશે ત્યારે, શો આનંદ કરવો તે માટે અનેક પ્રકારના મનોરથ કરવા લાગ્યાં.

બપોર થયા પણ પ્રભુ પધાર્યાં નહિ, શ્રીરાધાજીને ચિંતા થવા લાગી. વિશ્વાસ ઘટતો ગયો તે તો રસભોગી ભ્રમર છે. ક્યાંક ભમતા પણ હશે. સાંજ પડવા આવી, પણ પ્રભુ પધાર્યાં નહિ, અને ચંદ્રાવલી પણ આવી નહિ. આમ ચિંતા કરે છે. તેટલામાં ચંદ્રાવલી આવી પહોંચ્યાં, અને દહીંનું ખાલી માટ ત્યાં જ મૂકી પૂછવા લાગ્યાં, 'કેમ પ્યારી ! પ્રભુ પધાર્યાં ?' શ્રીરાધાજી કહે, "મેં તો પ્રથમ જ કહ્યું હતું કે પ્રભુનો મને ભરોસો નથી, આવે ત્યારે ખરા, તારા આગ્રહથી નવ દિવસ ઉપવાસ કર્યા ને શરીર સુકવી નાખ્યું, પણ તેમને તો ક્યાં



આપણી પડી છે ! હવે હું તો જમી લઉં છું સાંજ તો થવા આવી. હવે એ શું આવે ?" ચંદ્રાવલી કહે, 'અરે પ્યારી ! હવે બે ઘડી મારા વતી ધીરજ ધર, હું તેડી લાવું છું. હાથ પકડીને લાવું છું. લગારે ગભરાઈશ નહિ, તારી પાછળ અમને સર્વેને સુખ છે." ચંદ્રાવલી તુરત પ્રભુને તેડવા સામે ગઈ.

અહીં પ્રભુ પોતાનાં માતાને કહે છે. "હે મૈયા. આવતી કાલે દશહરા છે. મને વરરાજા બનાવજે. મારા માટે એક સારી ઘોડી લાવજે, નાની તલવાર અને નાની ઢાલ પણ આપજે, અને મને સુંદર જરીના શણગાર પણ પહેરાવજે." માતાજીએ બહુ પ્રસન્ન થઈ કહ્યું. "લાલા ! તું જે કહીશ તે તૈયાર રાખીશ. અત્યારે સૂઈ જા." પ્રભુ કહે, "મૈયા ! એ બધું અત્યારે લાવી રાખ, સવારે તો મોડું થઈ જાય." માતા કહે, લાલા ! અત્યારે બધું તૈયાર કરું છું. તું પોઢી જા, સવારમાં આપીશ".

પ્રભુ પોઢી ગયા આખી રાત પ્યારીને મલવાના વિચાર અને તે વખતના આનંદની લહેરોના તરંગોમાં જ ગઈ સવારમાં પ્રભુ વહેલા ઉઠયા. ને માતાને ઉઠાડયાં, સ્નાન વગેરેથી પરવારી, શણગાર સજી, ઢાલ તલવાર લઈ ઘોડી પર સવાર થયા. માતાએ બલદેવજીને સાથે લઈ જવા વિનંતિ કરી. પ્રભુ બોલ્યા, "દાઉ ભૈયા તો મને બહોત ખિજવે છે તે આવે તો હું નહિ જાઉં." તેમ કહી ઘોડી પરથી પ્રભુ ઉતરી પડયા. ને માતાએ સમજાવી પાછા બેસાડયા. પ્રભુ એકલા ઉલટભેર ચાલ્યા જાય છે પ્રભુ આજે બહુ આનંદ લહેરમાં છે. ઘોડી પણ પ્રભુની ઈચ્છા જાણીને સીધી બરસાતની વાટે ચાલી જાય છે. રસ્તામાં એક સખીએ સામા આવી. ઘોડીની લગામ ઝાલી, ઘોડી ઉભી રાખી પ્રભુ તેના સામું જોઈ મંદમંદ હાસ્યથી કહેવા લાગ્યા, અરી તુ ઘોડીની લગામ છોડી દે; મારે શ્રીસ્વામિનીજીને મલવા જવું છે. તેમણે મારે માટે ઉપવાસ કર્યા છે. આજે દસમો ઉપવાસ છે. અને ચાતકની પેઠે રાહ જોઈ રહ્યાં હશે. માટે તું ઘોડીની લગામ છોડી દે. પાછાં વળતાં હું તારે ત્યાં આવીશ અને તારા

મનોરથ પૂર્ણ કરીશ." ઈચ્છા સખીએ આ સાંભળી વિનંતિ કરી "મહારાજ, હું આપને ખોટી નહિ કરૂં, આ મારા મહેલમાં પધારી પવિત્ર કરો અને પ્રેમ ભરેલી તાજી સામગ્રી આરોગો. આપને બહુવાર ખોટી નહિ કરૂં, પ્રભુ પ્રેમને વશ છે. ઈચ્છા સખીના પ્રેમને વશ થઈ તેના મહેલમાં પોતે પધાર્યાં, અને એક પછી એક સાત ઓરડામાં ફરી વળ્યા. છેલ્લે સાતમા ઓરડામાં શૈય્યા પર બિરાજ્યા, અને ઈચ્છા સખીની પ્રેમ ભરી સામગ્રી આરોગી, તેના સર્વે મનોરથ પૂર્ણ કર્યાં.

ચંદ્રાવલી ઉતાવળી ઉતાવળી પ્રભુને તેડવા જતી હતી, ત્યાં માર્ગમાં જમણી બાજુએ એક સુંદર ઘોડી જોઈ અને સુંદર મકાન જોયું ચંદ્રાવલીજી તરત જ મકાન તરફ ગયાં અને મકાનના એક ખંડમાંથી બીજા ખંડમાં જોતાં જોતાં સાતમાં ખંડમાં આવી પહોંચ્યા, તો ત્યાં પ્રભુ સુંદર શૈય્યા પર બિરાજી ઇચ્છા સખીની સાથે લહેરથી વાતો કરે છે. ચંદ્રાવલીએ વિનંતી કરી કહ્યું કે, મહારાજ, તમે તો મને પણ જૂઠી પાડી, શ્રીસ્વામિનીજી તો વિરહમાં સુકાઇ જાય છે, અને આપ તો અહીં લહેર ઉડાવી રહ્યા છો! આ આપની કેવી લીલા! આપને જરાયે દયા નથી? ઠાકોરજી કહે, ચંદ્રાવલીજી હું તો ત્યાં આવતો હતો, પણ આ ઇચ્છા સખીએ મને પ્રેમથી રોકી પાડયો. લાચાર છું," એમ કહી તરત ઉઠયા અને ચંદ્રાવલીજીની સાથે બહાર આવી, ઘોડી પર સ્વાર થઈ ચાલ્યા, અને બરસાને આવી પહોંચ્યા. ચંદ્રાવલીજીએ આગળ જઈ શ્રીરાધાજીને શ્રી ઠાકોરજી પધાર્યાની વધામણી આપી શ્રીરાધાજી વગેરે સખીઓ આનંદમાં આવી જઈ, શ્રીઠાકોરજીને પ્રેમથી મહેલમાં પધરાવી લાવ્યાં, અને ફુવારાની જૂડીઓ બાંધી શ્રીઠાકોરજીને મસ્તકે શણગાર કરાવ્યા શ્રીઠાકોરજીએ પણ ત્યાં રાત રહી, સર્વે વિરહી ભકતોના મનોરથ પૂરા કર્યાં. પ્રભુ સર્વે વાતે સમર્થ છે તેથી અનેક રૂપ ધરી અનેક વ્રજભકતોને અનેક જાતના સુખ એકી વખતે આપી શકે છે. ધન્ય છે, તે ભકતોને અને તેમના રસિયા પ્રભુને.

———



## શ્રીઆચાર્યજી કે સેવક સૂઆકી વારતા.

એક સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુજી વ્રજમેં પધારે. સો એક સમે શ્રીગોવર્ધનકી તળેટીમેં ભોજનસિલા પર બૈઠે હતે. તે સમે કૃષ્ણદાસમેઘનકે મનમેં યોગ્યતા આઈ. જો મેં શ્રી આચાર્યજીકી આજ્ઞા પ્રતિપાલન કરત હૂં, સદા સમીપ રહત હૂં, ઔર લૌકિક કછુ બાધક નાહીં હય, ઔર સેવક કોઈ મો સરીખો કૃપાપાત્ર નાહીં હય, સો શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી તો અંતરયામી હય. યા બાત કૃષ્ણદાસ કે મનકી તત્કાલ આપને જાની. ઔર કૃષ્ણદાસને આગેં ઝારખંડમેં શ્રી આચાર્યજીકું સેવા કરકે પ્રસન્ન કિયે હય, તબ કહી, તુમ માંગે સો દેવે, તબ કૃષ્ણદાસને માંગ્યો, "મહારાજ, મોકું કૃપા કરકે લીલાસામગ્રી કે દરસન કરાયો ચાઈએ." તબ શ્રી આચાર્યજી કહે, 'જો અબકેં શ્રીવ્રજમેં ચલેંગે, તબ શ્રીગિરિરાજકી કંદરામેં દરસન કરાવેંગે." સો વચન અબકેં સુધ આયેં. તબ મનમેં વિચારી જો, કૃષ્ણદાસકે મનમેં યોગ્યતા આઈ, સોં મિટાવનો, ઓર લીલાસમગ્રી કે દરસન કરાવને. એહી વિચાર કરકેં શ્રીઆચાર્યજીને કૃષ્ણદાસ સો કહી, કૃષ્ણદાસ એક કામકર કૃષ્ણદાસને કહી "મહારાજ જો આજ્ઞા" તબ શ્રી આચાર્યજીને કહી, "પૂછરી કે ઓર અપસરા કુંડ પાસ એક ગિરિરાજકી કંદરા હય, સો કંદરામેં તું ચાલ્યો જઈયો. તહાં એક વૈષ્ણવ હે, તાકું ભગવદ સ્મરણ કરકેં વાકેં સમાચાર લે આવ." તબ કૃષ્ણદાસ દંડોત કરી કેં, તહાં તે ચલે. સો આગેં ચલે ગયે. તો પાછેં છેક નીચી ગેલ આઈ, તામેં ઉતરે. પરંતુ અંધકાર બહોત. કાહૂ જીવકી ગમ્ય નાહીં તો પાછે દોઉ દિન ઉંચે ચઢે સો શ્રીઆચાર્યજીકી કૃપા બલ તેં ચલે ગયે દિન દોઉ લૌં ગેલ મેં વિકટ આઈ સુધો ચઢવો, જેસે ભીંત પર ચઢવો. પરંતુ શ્રીઆચાર્યજી કે નામ કે સામર્થ્ય બલતેં જેસેં આકાસ માર્ગે વિચાર સું ચઢે સૂક્ષ્મરૂપ યાધિ તેસે કૃષ્ણદાસ ચઢે તો તહાં એક ખિડકી આયી. સો ખિડકી ખોલકે ભીતર ગયે, સો ઉહાં મહા

ઉજ્યારો આયો. માનો કોટિ રવિ જેસો ઉજ્યારો હોય રહ્યો હય, ઓર બહુત સુંદર આનંદ કો સ્થલ હય. એસી ભૂમિ દેખી, સો ઉહાં મહા ઉજ્યારો હતો. પરંતુ જીવ મનુષ્ય પશુ પછી કોઈ નાહીં હય. તબ કૃષ્ણદાસ તહાંતે આગે ચલે, તો મહા સુંદર હીરાકે, નીલમકે સ્ફાટિક મણિ કે વૈડુર્યમણિકે, પોખરાજકે, મોતીકે, પીરિમણિ કે, ગુલાબી માણેક કે અનેક વિચિત્ર કુંજ હય, બડે બડે મહેલ હય. તાકે પાસ ફૂલન કે ન્યારે ન્યારે કુંજ મહેલ હય તાકે પાસ એક શત જોજનકો બાગ હય, તા મેં એક બડો બંગલા હય તા મેં પરાગ મણિકી છત હય, તા મેં મરકત મણિ લગે ખંભ હય, ઓર નીલમણિકી ભીત હય, કંચન તાર જરી કે સુંદર બૂટી કામકરે ચંદરવા હય, તામે સુંદર ઝાલરી લગી હય. તા બંગલા કે ઉપર જરાઉ પરમ પંચરંગી મણિનકે કલસ પરમ સોભા દેત હય. તહાં સુંદરમણિ જડિત આસન ધરે હય ઠોર ઠોર સજ્યા પુષ્પ કી સમારી હય. એસે એકાંત સુંદર સ્થલ હય. ઠોર ઠોર સજ્યા ફૂલ સો સમારવેકે સામાન હય. સુંદરતા કે ઓસિકા ધરે હય, અતિ સુંદર ચાદર સફેત રજાઈ ધરી હય, અનેક જડાઉ આભૂષણ સોલ શણગાર સ્ત્રી પુરુષ કે ડબરા ખોલે પડે હય, ઔર અનેક વસ્ત્રકે નવનવીનકે, રંગકે છાપા કે હરિઆકે, ચીનાઈકે, બાંધનકે, જરકસીકે બુટીકે, ચીકનકે, બસમાકે, છીંટકે, રેશમીકે ભાત ભાત કે કોમલ વાઘીકે બગુચા (પોટલા) ખોલે પરે હય. અનેક ચોલી, લહેંગા, સારી, વાગા, કુલહ, ટીપારો, મુગટ, ચીરા, પટુકા, પીતાંબર, નીલાંબર એસે અનેક વસ્ત્ર કે બગુચા ખોલે પરે હય. અનેક ચોકી કનકકી રતન જડિત ધરી હય, ઠોર ઠોર સુંદર આસન બિછે હય. તા પર ગાદી તકીયા ધરે હય, સુંદર અરગજા, ઉબટનો સુગંધ સહીત કનકકે બેલામેં ધરે હય. અનેક ધોતી, ઉપરણા, અંગવસ્ત્ર પરદની ધરી હય, અનેક કનકકે પીઢા ઉપર આસન રંગરંગ કે ધરે હય. તાકે પાસ તિલક કો સાજ સમૂહ-ગૌમુખી, માલા ઓરસિયા, ચંદન કેસર,



કુમકુમ ધરે હય. અનેક કંચનકે થાલ, બેલા, કટોરા કટોરિ ડબરા ધરે હય. મૃત્તિકાકે પાત્રહુ ધરે હય. તા મેં અનેક પાક સાકાદિક, મેવા, મિઠાઈ, સહસ્ત્ર વિધિ, ષટ્રસ પ્રકારકે પરમ સુંદર મનોહર નવીન સદા ઉજ્જવલ સુગંધ સહિત ષટ્રસ સપ્તરસ અનેક રસ અનિર્વચનીય ચતુર્વિધ ભોજન તથા અનેક વિધ જો કહી ન જાય. એસો જથા પાત્રસુ પરોસ્યો ધર્યો હે. તિનમેં ચમચા નાના પ્રકારકે રસ વસ્તુમેં ધરે હય. કટોરી રત્નજડિત સોનેકી ધરી હય, ઓર અનેક સુગંધ બીરા બીરી સમારકે ધરે હય. પુષ્પાદિ અનેક ભાતભાત કે માલા, ચિત્ર. માલતિ, જુઈ, જાઈ પારિજાતક. અદજાઈ, ગુલાબ, તુલસી, આદિ કે સિંગાર સબ ધરે હય ઓર અનેક વાજિત્ર પંચશબ્દી કે ધરે હય. ઓર અનેક પદાર્થ સબ ધરે હય, સો કૃષ્ણદાસને દેખી, ઓર ઉહાં બાગમેં અનેક વૃક્ષ ફલ ફૂલ સું ઝુમી રહે હય ના ફલમેં ગોટલી છીલ જામે નહીં. મહારસ રૂપ સુગંધ સહિત એક રસ લગી રહે હય. ઉહાં બાગમેં કુડા કચરા હુ નાહી હય, તા વૃક્ષ કે પાન ઝરત નાહીં હય, સગરે વૃક્ષ નવપલ્લવ હોઈ રહે હય. તાંહા જો વસ્તુ હય, સો સદા નવીન હય, અલૌકિક હય. તહાં મુકતાફલ તેં ભાંત ભાંત કે રંગ રંગ કે ચોક પૂરે હય, નાના પ્રકારકે મણિનકે, મોતીનકે, જરીનકે, વસ્ત્રનકી ફૂલ પાંત કે કુંજ કે દ્વાર દ્વાર પર બંદનવાર બાંધે હય. જા કો દેખે ઉલ્લાસ પરમાનંદ હોવે. અનેક ઠિકાને ફુવારા મણિ જડિત તરંગરંગ સુગંધ સહિત છુટે હય, તહાં જલમેં અનેક કૌતક ખેલ હોત હય. એસે સ્થલ એક તેં એક અધિક સુંદર હય, કોટાનકોટિ બગીચા હય, અનેક બેઠક હય, અનેક બંગલા હય, અનેક હીંડોરા ખાટ હય, એસે અનેક વૈભવ રાજધાની હય. સો અનિર્વચનીય હય. કહેવે મેં નાહીં આવે. પરંતુ પશુ. પંછી, મનુષ્ય કોઉ જીવ નાહીં દેખ્યો, એસે સ્થલ દેખકે કૃષ્ણદાસ તા તેં રંચક આગેચલે, તાંહાં દેખે તો અનેક રસકો સાર દેખ્યો. શ્રી યમુનાજી, રત્નબંધ કિનારે દોઉ હય, ભાત ભાત કે કમલ ફૂલે હય, સાગર દૂધ, દહીં, મધુ, ઘૃતકે,

છમરસકો, મિશ્રિરસકો, આંબરસકો, જાંબુકેરસકો, ઇત્યાદિ સાગર અનેક પ્રકારકે હય, છોટે બડે સરોવર ઘાટ બંધે હય, ઔર રસ સબ ભાતભાતકી સામગ્રી, પકવાને, સખડી પરમ મનોહર ઉજ્વલ સદા નવીન માનો અબહી અગ્નિ પર તે ઉતારી. અનંત મધુર સુગંધ સહિત શાકપાક, ભુંજે, છાકે, ચકતા, ભુજેનાં, રાયતાં, સિંધાનો, વડી, પાપડ, કઢી, તિનકુંડા, ધરે હય. પરમ સોહાવને વૃક્ષ, વન હય. ચોક સોહાવને હય. વાવડી, કૂંપ, ઝીલ. નદી સોભિત હય. પરતુ કોઈ જીવ દેખ્યો નહીં તબ કૃષ્ણદાસ સોચ કરતે, ઔર આગે ચલે. મનમેં વિચારે જો શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહ્યો, જો વૈષ્ણવકી ખબર સમાચાર લે આઓ. સો મેં કોનકી ખબર લે જાઉં. ઈહાં તો કોઉ દીસત નાહીં. યા પ્રકાર વિચાર કરત ચલે. સો આગે આમકી વાડી આઈ, પરમ સુંદર દેખી. તામેં ફલ લાલ, પીલે બોહત લગી રહે હય. રસકે ભરે જામેં ગોટલા નાહીં. રસમેં લીનતા હય. એક આંબે કે ઉપર સુઆ પરમ સુંદર દેખ્યો ડાલ ઉપર બેઠો હય દેખવે કો, અલૌકિક દેહ, ઔર દીપમણિસી ચાંચકો પ્રકાર હય. ઔર ઉહાં સુઆ શ્રી કૃષ્ણ, શ્રી કૃષ્ણ, કહેત હય. તબ કૃષ્ણદાસ વાકું દેખ કેં મનમેં વિચાર કર્યો, જો કદાચિત યા વૈષ્ણવ હોય તો હોય, ઔર તો કોઉ દીસત નાહીં હય પશુ પંછી પ્રાણી માત્ર નાહીં હય તબ કૃષ્ણદાસ અષ્ટાક્ષર મંત્રકો પોકાર કરન લાગે સો વા સુઆને સુની સો વા સુઆ સારસ્વત કલ્પમેં કૃષ્ણાવતારકો તોતા હય. સો તબ તેં અપરાધ કરકે બિછુર્યો હય. તા દિન તેં કછુ ખાનપાન કિયો નાહીં હય. મુખ આગે સુંદર ફલાદિ સામગ્રી સબ ધરી હય. જલ ભર્યો હય, પરંતુ એ સુઆ કછુ ખાનપાન કરત નાહીં હય. મનમે યહ વિચાર્યો હય, સો મેં ખાનપાન કરું તો મેરો ઈતનો શ્રમકાલ મિથ્યા જાય કાહે તેં ભગવદ નામ વિના મિથ્યા કાલ ભગવદી કું વિતાવનો નાહીં, તા તેં મિથ્યાકાલ જાયગો તબ મેં ભગવદ્ લીલામેં કેસેં પ્રાપ્ત હોઉંગો. યા પ્રકાર વિચાર કરત હય સો સૂઆ પહેલે શ્રીકૃષ્ણ કહે તો સો કૃષ્ણદાસને, "શ્રી કૃષ્ણઃ શરણં મમ" કહી



સો સુન્યો. સો સુઆકું કૃષ્ણદાસ દ્વારા તેં શ્રીઆચાર્યજી કો ઉપદેશ અષ્ટાક્ષર મંત્ર કો ભયો. તબ ઉહાં સુઆને મનમેં વિચારી જો યહ વૈષ્ણવ ભગવદ્ નામ લેત હય. સો મેરે શ્રવણ પરત હય તા તેં ભૂખ્યો–બોહોત દિનકો ભૂખ્યો પ્યાસો હૂં, કાહુ વસ્તુકી રુચિ નાહીં હય. પરંતુ યહ વૈષ્ણવ મોકું કબ મિલેગો તા તેં ભગવદ્ નામ કાનસો સુનત હોં. અબ કછુ ખાનપાન કર લઉં. યહ વિચારી ડાલી તેં ઉડકેં ભૂમિ પર આયો, એક ચાંચ અન્નકી લીયે. પાછે વૃક્ષ કી ડાલ ઉપર જાય બેઠો ભગવદ્ નામ અષ્ટાક્ષર મંત્ર લેન લાગ્યો. સો લોભ મનમેં બઢયો (વધ્યો) સો એક ચાંચ ભરકે ફલ ખાયો, સો અત્યંત સ્વાદ લાગ્યો. સો મનમેં કહ્યો, ઐસી વસ્તુ સંસારમે હય! યા પ્રકાર જીભ્યાસ્વાદ તેં ભગવદ્ નામકી સુધી વિસર ગયી, ઔર સ્વાદ ભોગકી સ્ફુર્તિ ભઈ તબ દુસરે વૃક્ષ ઉપર જાય ઔર એક ફલ ખાયો. સો તો મિષ્ટ ન લગ્યો, પરંતુ બહોત કડવો લગ્યો. તબ ખેદ પાય કે કહ્યો. યહ તો ફલ કડવો હય, બહોત કડવો લગ્યો. તદ ખેદ પાયે. યહ પ્રકાર માયા લગી, સુઆકું ઉલટી ભઈ. શરીર વ્યાકુલ હોય કે દોઉ ધરી તાંઈ મૂર્છા ભઈ, વૃક્ષ તેં ભૂમિ પર ગિર પર્યો. સો કૃષ્ણદાસ કૌતક દેખકે મનમેં ભગવદ્ નામ લેન લાગે. પાછેં દોઉ ધરી પાછેં વા સુઆકી મૂર્છા ભાગી તબ ઉઠકે ભૂમિ પર બેઠો શરીરમેં સ્થિરત્તા નાહીં, તબ ભગવદ્ નામ સુન્યો નાહીં. કૃષ્ણદાસ મનમેં લેત હય. તબ સુઆને મનમેં વિચારી જો મેં મહા દુષ્ટ હોં. મોકું એસો દુઃખને પડને દિયો સો ઉચિત હય. કાહેતેં મેં ઈતનો કાલ ભગવદ્ નામ કે આધાર સુ રહ્યો. પરંતુ મોકું દેહ સંબંધી દુઃખ–સુખ બંધન ના હોયે. અબ મે ખાનપાન કિયો, ઔર ભગવદ્ ભોગ પદાર્થ કો સ્વાદ કિયો, તીન બે લાલચ કરકેં ખાયો. તા તેં અબ મોકું ધિક્કાર હય. હાય હાય મેં ખરાબર દુઃખી ઓર કોઉ નાહીં હય. જો યહ હય દેહકે લિયે, ખાન પાનકે લિયે, રસનાકે સ્વાદકે લિયે ભગવદ્ નામ છોડ દિયો વૈષ્ણવકે તો યહ ધર્મ નાહીં. વૈષ્ણવકો તો યહ ધર્મ હય, જો શ્રીઠાકોરજી

મહાપ્રસાદ અલૌકિક જાનકે વાકું લેનો. તાકું મેં લે કે સ્વાદ બખાનો. યહ ભલો ઓર બુરો, તાતેં મો બરાબર અપરાધી કોઉ નાહીં હય. જો મેં અપને ઉદર ભરનકે નિમિત્ત ભગવદ્ આસરો છોડ દિયો. જહાં તહાં ખાત ફિર્યો, તાતેં જીવન ઉચિત નાહીં હય. યા પ્રકાર મનમેં વૈરાગ્ય કરકે વિરહતાપસું તડફત તડફત કે દેહ છોડી. એસો તાપ ક્લેશ ભયો જો સુઆકે મુખતેં અગ્નિજ્વાલા નીકલી, દેહ છૂટ ગયો સગરો સરીર જલ ગયો, રાખ ભઈ. નીત્ય લીલામેં પ્રાપ્તિ ભઈ. સો યહ કૌતક દેખકે કૃષ્ણદાસકે મનમેં સોચ બડો ભયો. એર ચિત્તમેં ખેદ ભયો. તબ મનમેં કહ્યો, યહ સુઆકો પ્રેમ કોન પ્રકાર હય સો જાન્યો નહિ ગયો યહ બાત શ્રીઆચાર્યજીકું પૂછુંગો, તબ સંદેહ દૂર હોયગો. પાછે કૃષ્ણદાસને મનમેં વિચારી જો, હય સુઆકી દેહ તો છૂટી, ઔર દુસરો જીવતો કોઉ દીસત નાહીં હય. જહાં જહાં દેખે તાહાં સો જોજનકો કુંજ બાગ દેખે. ફેર દુસરો જુએ તો ચારસેં જોજનકો બાગ નિકુંજ દેખ્યો. એસે એસે એક એકતેં અનેક પાર નાહીં સો કૃષ્ણદાસને વિચારી જો મેં કોન ગેલ આયો ઓર કોન ગેલ જાઉં, સો કછુ સુઝત નાહીં! કૈસે કરૂં! જહાં જહાં દેખું તહાં તહાં નવીન નવીન રચના. એક દોઉ છોટે કુંજ મેહેલ. જહાં જહાં દેખું તહાં તહાં મૂર્છા આવે એસો ઠિકાનો હય. યા પ્રકાર કૃષ્ણદાસકો ચિંતા કરત નિદ્રા આઈ, સો નેત્ર મુંદ ગયો સો દોઉ ઘરી પાસે નિદ્રા ખૂલી. દેખે તો શ્રી આચાર્યજી મહાપ્રભુજીકે આગે ઠાડે હય. તબ પ્રસન્ન હોય કે શ્રી આચાર્યજીકું દંડૌત કિયો, ઓર સગરો પ્રકાર દેખ્યો સો વિસ્તાર કરકે કહ્યો. ઉહ સુઆકી દેહ છૂટી સોઉ કહી. પાછેં કૃષ્ણદાસને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સો વિનંતિ કરી. જો મહારાજ, યહ સુઆ પૂર્વ જન્મકો કોન હય. ઇનકી કહા પ્રાપ્તિ ભઈ. ઓર ઐસો સુંદર સ્થલ સગરી સામગ્રી સહિત હય તાકું દેખે નાહિ, તા કો કારન કહા. તાસો યહ કૃપા કરકેં કહો. તબ શ્રીઆચાર્યજી મુસકાયકેં કહ્યો જો યહ વાત સુનવેકો અધિકાર નાહીં



હૈ. તબ કૃષ્ણદાસને વિનંતિ કરી જો મહારાજશ્રીયે તો સુગત (બરાબર) હૈ. મેં તોં જીવ હું. પરંતુ આપકે સરન હું. આપ મેરે નાથ હો; આપ મેરે પર કૃપા ન કરોગે તો, ઔર કોન કરેગા? મેં વિના મૂલકો આપકો દાસ હું. તાસું મોકું કૃપા કરકે કહ્યો ચાહીએ તબ શ્રીઆચાર્યજીને કહ્યો યહ બાત સુનકે કહા કરેગો? ભકિત મારગ મહા કઠિન હય, કછુ સુને પૂછે તે હોત નાહીં. તબ કૃષ્ણદાસને ફેર વિનંતિ કરી, "મહારાજ ! મેરે મનમેં તો ધર્મ રંચકહુ નહીં હય. પરંતુ હમ સારીખે દુષ્ટબુદ્ધિ જીવકું કૃપા કરકે સરન લીયે હય. હમારે મન કહા સાધત નાહીં હય ! તેંસે હી પતિતપાવન આપકો નામ હય. તાતેં આપકી ઓર દેખકેં હમ પર કૃપા કરોગે તો ભકિતમાર્ગકો સિદ્ધાંત સમજે, નાહીં તો નહિ સમજે. ઔર હમારે પાપકી ઓર દેખોગે તો હમારો ઠિકાનો નાહી હય. તાતે આપ કૃપાલુ હો, અબ હમારી ઉપર કૃપા કરકે બતાવો ભકિતમારગકી કનિકા જાની જાય. તાતેં મેં નિઃસાધન હોય કે આપકે સરન હું. ઐસો દીન જાનકે બતાવો ચાહીએ." યા પ્રકાર તીન બેર વિનંતી કીની તબ શ્રીઆચાર્યજી પ્રસન્ન હોય કે કૃષ્ણદાસકી દીનતા દેખી કે કહને લાગે, જો ગોવર્ધનકી ભીતર કુંજસદન હય, બાગ હય, બગીચા હય, બંગલા હય ઔર સગરી લીલાસામગ્રી હય સો અલૌકિક લીલા શ્રીકૃષ્ણકી હય. સો ઝારખંડિમેં તોકું વચન કહ્યો હોતો, જો વ્રજમેં તોકું લીલાસામગ્રી દિખાવેંગે. સો દિખાયો, એસે સ્થલ કોટાન કોટિ હય યહ તો સારસ્વત કલ્પ મેં પ્રથમ રાસક્રીડા પ્રભુને કરી, સો રમણકી સામગ્રી હય પાછે પ્રાતઃકાલ બ્રાહ્મ મુહૂર્ત ભયો, તબ શ્રીસ્વામિનીજી, શ્રીઠાકોરજી અપને નિજ ધામ શ્રીનંદરાયજી કે ઘર પધારે. પાછે રાત્રી ભઈ તબ દુસરે સ્થલ લીલા કુ . વહ તો એક રાત્રીકી રમણકી સામગ્રી હય. સો તોકું દિખાયો ફેરૈં કબહુ પધારતેં, જબ ઇચ્છા હોયગી. તાતે એક રસ સદાહી રહત હય ઓર ગોપ્ય રીતિસું નીત્ય રમણ હય. તહાં સગરે પશુ પંછી ભકત સહિત શ્રીઠાકોરજી રમણ કરત હય. સો અધિકાર વિના દર્શન હોય

નાહીં તોકું વચન દિયો હતો, જો સામગ્રીકે દર્શન કરાવેંગે, સો કરાયે. અબ યહ સૂઆ હય. સો લલિતાજીકી સખી કી સખી હય, સો ગાયન વિદ્યામેં ચતુર હય એક દિન ગર્વ ભયો જો મો બરાબર ગવૈયા કોઈ નાહીં હય. અબ તો ઈતનો ગર્વ આવત હી સખીકો રૂપ છૂટ ગયો. સો સારસ્વત કલ્પ ભયો, તબકો સૂઆ ભયો, ભગવદ્ નામ લેત હય. તાતેં શ્રીઠાકોરજી કે દરશન નાહી હય. તોકું રમણમેં યોગ્યતા આઈ, જો મેં આચાર્યજી કે સગરે હિત હું, નિમ કથાવાર્તા સુનત હું. સો યહ તેરો ગર્વ દૂર કરનેકે લિયે, ઓર વા સૂઆકો સરન સિદ્ધ કરણકે લિયે, ઔર તોકું લીલાસામગ્રી દિખાવે કે લિયે તોકું ગિરિરાજકી કંદરામેં પઠાંયો. કાહેતેં યહ સૂબા જા દિનતેં લીલા મેંસે વિછુર્યો હય, તા દિનતેં નામકી રટના લિયે હય સો નામકે આધારપેં ભૂખ પ્યાસ બાધા દેહ સંબંધીકી નાહીં ભઈ. સગરી સામગ્રી આગે ધરી હય પરંતુ યહ વૈષ્ણવ હય. તાતેં ડરપત હય જો મેં ખાનપાન લેઉંગો, તો મેરો ભગવદ્ નામ છૂટા જાયગો. ઈતનો જ્ઞાન રહ્યો. ઔર લીલાકો જ્ઞાન ભૂલ ગયો, જો મેં લલિતાકી સખી હું સો અબ તુમ જાયકે અષ્ટાક્ષર મંત્ર કહ્યો, તબ યહી સૂઆ સુનકે અષ્ટાક્ષર "શ્રી કૃષ્ણ : શરણં મમ" કહેન લાગ્યો યા પ્રકાર શરણ તુામદ્વારા વાકું સિદ્ધ ભયો. પાછે વહાં સૂઆ તુમારે મુખ તેં ભગવદ્ નામ સુનકે વિચાર કીયો, ભગવદ્ નામ સુનત જાઉંગો, ઔર કુછ ભોજન કરૂંગો સો એકવાર ખાયો. દુસરી વાર લોભ બઢયો. સો દુસરી વાર ખાયો. સો મિષ્ટાન ફલ લાગ્યો. તબ તીસરી વાર ખાયો. સો ફલ સુંદર હતો, તોઉ સરણ સિદ્ધ ભયો, તાતેં કૃપા કરણાથ કડવો લાગ્યો. મૂર્છા દો ધરી ભઈ. પાછે જાગ્યો, પરંતુ શરીરકું કષ્ટ બહોત. તબ અનુગ્રહતેં ભગવદ્ નામકી સુધી ભઈ તબ અપનો દોષ સ્ફૂર્યો જો વૈષ્ણવ કું ભગવદ નામ છોડકે ખાનપાન કરનો ઉચિત નાહીં હય તાતેં મોકું ધિક્કાર હય. અબ ધર્મ ગયો. અબ તો મોકું જીવનો ઉચિત નાહીં હય યા પ્રકાર હીન હોય વિરહ



અગ્નિસું ભસ્મ હો ગયો. લીલા સહિત અબ શ્રીસ્વામિનીજીકી સખી ભઈ. તાતેં તાપકલેશ મુખ્ય હૈં. સર્વોપરિ હય. કહાતેં ભગવત્સંબંધમેં આવે તો ભગવદ્ ધર્મ દૃઢ કરે. યહ કરકે દૈવીકું પાવત હય. યા પ્રકાર તુમ દ્વારા લીલા સૃષ્ટિકી લીલા પ્રાપ્તિ ભઈ. ઓર તેરેમેં યોગ્યતા આઈ, જો મો સમાન ઓર કોઈ નાહીં હય. તાતે તોકું એસી વૈષ્ણવતા વા પંખીકી દિખાઈ. જો યા પંખીકું કેસો સ્નેહ હય! જો ખાનપાન કરૂં તો ભગવન્નામ વિના મેરો વૃથા કાલ જાય. પાછેં તુમ દ્વારા અષ્ટાક્ષર મંત્ર સુનતહી અન્ન ગ્રહણ કિયો, તાતેં રંચક ખાનપાન કિયો, તામેં ભગવદ્ નામ ચૂક ગયો, યા દુઃખ પાયો. પરંતુ દુઃખમેં ભગવદ્ ધર્મ ભગવદ્ આસરો ઓરહુ બઢયો (વધ્યો.) સગરે સાધનકો ફલ વિરહ તાપકલેશ હય, સો ભયો, દેહ છોડી ઓહોત કાલકો વિજોગ હતો, સો દૂર ભયો. લીલામેં પ્રાપ્તિ ભઈ. તાતેં વૈષ્ણવકું એસો તાપ ચહિયે, ઔર યે વૈષ્ણવતા હી હય. શ્રાઠાકોરજીકે દાસ એકતે એક અધિક હય. ગર્વમાન કરીકે રાસમેં વ્રજભકતનસું શ્રીઠાકોરજી અંતરધ્યાન હોય ગયે, તો ઔર ભકતનકી કહા ચલી હય!! પાછે દીનતાસું ભગવાન પ્રગટ ભયે તાતે ગર્વ હય સો સગરેકો દૂર કરત હય. દાસ ભાવતેં સેવક હોત હય. યા પ્રકાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કૃષ્ણદાસકું ભગવદીયકો સ્વરૂપ દિખાયો. કૃષ્ણદાસકું સાંક્ષી દિની સો યહ સૂઆ શ્રીઆચાર્યજીકો એસો કૃપાપાત્ર હય. ઉનકી વાર્તા કહાં તાંઈ લિખિયે

---

## મંગલાચરણ

ચિંતાસંતાનહંતારો, યત્ પાદાંબુજરેણવઃ;
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્, પ્રણમામિ મુહુર્મુહુ. ૧

યદનુગ્રહતો જંતુઃ; સર્વ દુખાતિગો ભવેત્,
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનમ્. ૨

યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
તતએવાસ્તિ નૈશ્ચિંત્યમૈહિકે પારલૌકિકે. ૩

મમ ચિત્તસ્ય વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે;
યદા તદા કૃતાર્થોઽહમ્ શોચનીયો ન કર્હિચિત્. ૪

અજ્ઞાન તિમિરાંધસ્ય, જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ ૫

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્,
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્. ૬

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા;
ષડભિર્વિરાજતે યોઽસૌ- પંચધા હૃદયે મમ. ૭

### વિપ્રયોગ સમયે જપ કરવાના શ્લોક ૧૬.

પ્રભુ વનમાં ગોચારણ અર્થે પધારે, તે વિરહ સમયમાં શ્રીસ્વામિનીજી વગેરે પ્રભુનામનો વારંવાર જે જપ કર્યા કરે છે તે ભાવ હૃદયમાં ઉત્પન્ન કરવા માટે મહાનુભાવી શ્રીહરિરાય મહાપ્રભુજીએ પોતાના શિક્ષા-પત્ર ૧૨મામાં એ વિપ્રયોગનાં વચનો કહ્યાં છે તે શ્લોકો ભાવિકોએ પાઠ કરવા યોગ્ય છે. તેથી અહીં લીધા છે. વિરહી ભક્ત આ શ્લોકોનો જપ સતત કરશે તો જરૂર તેને પણ દયાળ પ્રભુ દર્શન આપી તેના સર્વે મનોરથ પૂર્ણ કરશે ને પરમાનંદનું દાન કરશે.



ભાવનીયં સદા ચિત્તે, સ્વામિનીજલ્પિતં મુહુઃ,
તાપક્લેશૈરયં માર્ગઃ, શ્રીમદાચાર્યરૂપિતઃ ૧
દર્શન દેહિ ગોપીશ[1], ગોકુલાનંદદાયક[2],
ગોવિંદ[3] ગોપવનિતા-પ્રાણધિપ[4] કૃપાનિધે[5] ૨
ગોપાલ[6] પાલિતવ્રજ[7], નિજવ્રજસુખ બુધે[8],
પરમાનંદ[9], નંદાદિરુચિરોત્સંગલાલિત[10], ૩
સદાનંદ[11], નિજાનંદસમુદાયપ્રદાયક[12],
દામોદર[13], દયાર્દ્ર[14], દીનાનાથ[15], દયાપર[16], ૪
પુરુષોત્તમ[17], સર્વાંગરુચિર[18], પ્રેમપૂરિત[19].
અનંગરૂપપરમ[20], પ્રિય[21], ગોપવધૂપતે[22], ૫
વ્રજાવલંબસુકટે[23], લંબકેશ[24], કલાનિધે[25],
વિરહાર્તિહર[26], સ્વીયમનોહરણતત્પર[27], ૬
મનોવિનોદ[28], ભાવાબ્ધે[29], ભાવવત્-હૃદયસ્થિત[30],
ચંચલીકૃતચિત્ત[31], સ્વાભાવાન્દોલિત[32], રૂપધૃક્, ૭
મહામુગ્ધ[33] સદાદુગ્ધપાનતત્પરમાનસ[34].
નવનીતાલિપ્તમુખ[35], પયોબિંદુયુતાધર[36], ૮
અલકાવૃતવદન[37], મદનાધિકસુંદર[38],
કપોલવિલસદ્રાગ[39], કસ્તુરીતિલકાંચિત[40], ૯
સિંજન્નૂપુરશોભાઢ્ય[41], નખભૂષણભૂષિત[42],
સગ્રીવસૂક્ષ્મસુકટિવિલસત્ ક્ષુદ્રઘંટિક[43], ૧૦
રાજદ્ધૃદયવૈયાઘ્રનખભૂષણભૂષિત[44],
કંજલોચનલોલાક્ષ[45], વિશાલાક્ષવિલક્ષણ[46]. ૧૧
દીનૈકશરણ[47], સ્વીયસર્વસામર્થ્યસંયુત[48],
વ્રજરાજસુત[49], સ્વીયજનનીકંઠભૂષણ[50], ૧૨
હા કૃષ્ણ[51] હા સદાનંદ[52], હા વૃંદાવનભૂષણ[53],
હા નંદરાજતનય[54], હા યશોદાંકખેલન[55] ૧૩
હા ગોપિકેશ[56], હા નાથ[57], હા ગોકુલપુરંદર[58],

હા હા વ્રજજનાર્તિઘ્ન૫૯, હા હા નિઃસાધનધિપ૬૦, ૧૪
હા હા નંદાદિસર્વસ્વ૬૧, હા હાઽનંગનવાંકુર૬૨;
હા નિરાલંબનાલંબ૬૩, હા હાંધલકુટિપ્રિય૬૪, ૧૫
એવંવિધાનિ સતતં, જલ્પિતાનિ મુહુર્મુહુઃ;
અવગત્ય ચ ભાવેન, ભાવનીયાન્યહર્નિશત્ ૧૬

આ ચોસઠ નામ વિરહસમયનાં છે, અને ચાર મુખ્ય સ્વામિનીજીના ભાવથી છે. દરેક ભાવનાં સોળ સોળ નામ છે. તેનો જપ વિરહીભક્ત સદા કરશે તો તેને પ્રભુ દર્શન આપશે, અને જે કોઈ સામાન્ય ભક્ત આ નામનો પાઠ કરશે તો તેને વિરહભાવ થશે.

---

## શ્રીગોપીગીતમ્.

જયતિ તેડધિકં, જન્મના વ્રજઃ શ્રયત ઇન્દિરા શશ્વદત્ર હિ,
દયિત દશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે, ૧
શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમુષા દશા,
સુરતનાથ તે શુલ્કદાસિકા વરદ નિઘ્નતો નેહ કિં વધઃ ૨
વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્વર્ષમારૂતાદ્વૈદ્યુતાનલાત,
વૃષમયાત્મજાદ્વિશ્વતો ભયાદૃષભ તે વયં રક્ષિતા મુહુઃ ૩
ન ખલુ ગોપિકાનન્દનો ભવાનઅખિલદેહિનામન્તરાત્મદૃક્,
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્સાત્વતાં કૂલે. ૪
વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે શરણમીયુષાં સંસૃતેર્ભયાત,
કરસરોરુહં કાન્ત, કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્. ૫
વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત,
ભજ સખે ભવત્કિંકરીઃ સ્મનો જલરુહાનનં ચારુ દર્શય, ૬
પ્રણતદેહિનાં પપકર્ષણં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્,
ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કૂચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્. ૭



મધુરયા ગિરા વલ્ગુવાક્યા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ,
વિધિકરીરિમા વીર મુહ્યતીરધરસીધુનાપ્યાયસ્વ નઃ ૮
તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ
શ્રવણમંગલ શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરીદા જનાઃ ૯
પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં વિહરણં ચ તે ધ્યાનમંગલમ,
રહિસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ. ૧૦
ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્પશુન નલિનસુંદરં નાથ તે પદમ,
શિલતૃણાંકુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત ગચ્છતિ. ૧૧
દિનપરિક્ષયે નીલકુન્તલૈર્વનરુહાનનં બિભ્રદાવૃત્તમ્,
ધનરજસ્વલં દર્શયન્મુહુર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ. ૧૨
પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમણ્ડનં ધ્યેયમાપદિ,
ચરણપંકજ શંતમં ચ તે રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહન્ ૧૩
સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના, સુષ્ઠુ ચુમ્બિતમ,
ઇતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર નસ્તે તેડધરામૃતમ્. ૧૪
અટતિ યદ્ ભવાનહ્નિ કાનનં ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્,
કુટિલકુન્તલં શ્રીમુખં ચતે જડ ઉદીક્ષતા પક્ષ્મકૃદ્ દશામ્. ૧૫
પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાનતિલિંધ્યે તેડન્યચ્યુતાગતાઃ,
ગતિવિદસ્તવોદ્ ગીતમોહિતાઃ કિતવ યોષિતઃ કસ્ત્યજેન્નિશિ ૧૬
રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્,
બૃહદુરઃશ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુરતિસ્પૃહ મુહ્યતે મનઃ ૧૭
વ્રજવનૌકસાં વ્યક્તિરંગ તે વૃજિનહન્ત્યલં વિશ્વમંગલમ્,
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજન હૃદ્રુજાં યન્નિષુદનમ્. ૧૮
યત્તે સુજાત ચરણામ્બુરુહં સ્તનેષુ;
ભીતા; શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ,
તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત,
કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ૧૯

---

# શ્રી ધાસીરામકૃત વ્રજલીલાકે રસિયા

## (૧) રસિયા લિલહારી લીલાકો.

બન ગય નન્દલાલ લિલહારી, કે લીલા ગુદવાય લેઉ પ્યારી,
લહંગા પહિર ઓઢ સિર સારી,
અંગિયા પહરી જાપૈ જડી કિનારી.
શીશ પર શીશફૂલ બૈના, લગાય લિયૌ કાજર દોઉ નૈના.
પહિન લિયૌ નખશિખસે ગહના.

**દોહા**–નખશિખ ગહનાં પહિન કર, કર સોલહ શૃંગાર,
બલિહારી નંદનન્દનકી, સો બન ગયે નર સે નાર.

બન ગયે નર સે નાર કે, ઝોલી કન્ધા પર ડારી. બન ગયે ૧
ધરી કન્ધા ઝોલી ગઠરી, ગૈલ બરસાનેકી પકડી,
મહલ વૃષભાન ચલે આયે, નહિ પહચાન કિન્હૂ પાયે.
શ્યામ અતિ મન મેં હુલસાયે.

**દોહા**–મહલ શ્રીવૃષભાનકે, દઈ અવાજ લગાય,
નંદગામ લિલહારી મેં, (કોઉ) લીલા લેઉ ગુદાય,

લીલા લેઉ ગુદાય, અરી મૈં હું ગોદનહારી, બન ગયે ૨
રાધિકા સુન લિલહારિન બૈન, લગી લલિતા સે એસે કહન.
બુલાઓ લિલહારિનકૂં જાય, મૈં યાપે લીલા લઉં ગુદાય
બિસાખા લાઈ તુરત બુલાય.

**દોહા**–લિલહારિનકો રૂપ લખિ, શ્રીવૃષભાન કુમાર,
હંસી હસી કે કહિને લગી, લઈ પાસ બૈઠાર.



લીલા મોતન ગોદ સુઘડ કેસી ગૌદનહારી બન ગયે ૩
શીશપે લિખદે :શ્યામ બિહારી, મસ્તકપે મદનમુરારી;
દગન પર લિખદે દીનદયાલ, નાસિકાપે લિખદે નંદલાલ,
કપોલનપે લિખદે કૃષ્ણ ગુપાલ.

શ્રવણનપેં લિખ સાંવરો, અધરન આનન્દકન્દ,
ઠોડી પે ઠાકુર લિખો, સો ગલ મેં ગોકુલ ચન્દ,
છાતીપે લિખ છૈલ, દોઉ બાંહુનપે લિખો બિહારી. બન ગયે ૪
હાયપે હલધરજીકૌ ભૈયા, અંગુરિન મેં આનંદ કરૈયા,
પેટપે લિખદે પરમાનન્દ, નાભિપે લિખ દે શ્રીનદનન્દ,
જાંઘપે લિખ દે જયગોવિન્દ.

**દોહા**–ઘોટુનમેં ઘનશ્યામ લિખ, પિંડરનમેં પ્રતિપાલ,
ચરણનમેં ચિતચોર લિખ, જગપતિ જયગોપાલ.

રોમ રોમમેં લિખો રમાપતિ, રાધા બનબારી બન ગયે ૫
લીલા ગોદ પ્રેમ ગશ આયો, તન મનકૌ હોશ ગમાયો,
ખબર ઝોલી ડંડા કી નાય, ધરનપે ચરન નાંય ઠહરાંય,
સખી સબ દેખત હી રહ જાય.

**છંદ**–દેખત હી રહિ ગઇ, ઝગડો નિરખ કછુ ફંદ કો;
બીસો બિસે દીખે સખી, છલિયાં યે ઢોટા નન્દકો.
અંગિયામેં બંસી છિપ રહી, રાધેને લઈ નિકાર કે,
હે પ્યારે ! હે પ્યારી, કહી ભેટે હય ભુજા પસાર કે,
ધાસીરામ યુગલ જોરી પર બાર (૨) બલિહારી બન ગયે, ૬

---

## (૨) રસિયા માલિન લીલાકો.

બન ગયે માલિન મદન મુરારી છલવેકુ રાધા પ્યારી;
નખસિખસે શૃંગાર બનાયો, લિખ કે કામદેવ શરમાયો,